ઇષ્ટોપદેશ

ૐ

શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સત્સંગ સાધના કેન્દ્ર

* મુંબઈ *

ૐ

પરમકૃપાળુ દેવાય નમઃ

આચાર્યશ્રી પૂજ્યપાદસ્વામી

વિરચિત

ઇષ્ટોપદેશ

મૂળ શ્લોક

ગુજરાતી અનુવાદ

અન્વયાર્થ

અર્થ

અંગ્રેજી અનુવાદ

પ્રકાશક :
શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સત્સંગ સાધના કેન્દ્ર,
૧૦-બી, ઈસ્ટ વિંગ, બોમ્બે માર્કેટ એપાર્ટમેન્ટ,
૩૪, તારદેવ રોડ, મુંબઈ-૪૦૦૦૩૪
ફોન નં. : ૪૯૧ ૧૩૫૨ / ૪૯૧ ૧૩૫૩

પર્યુષણ પર્વ, સંવત-૨૦૫૮
ઈ.સ. ૨૦૦૨

કિંમત : રૂ. ૨૦/-

મુદ્રક :
કોનમ પ્રીન્ટર્સ
મુંબઈ - ૪૦૦૦૩૪



શ્રીમદ્ રાજચંદ્ર

જન્મ	દેહવિલય
કારતક સુદ પૂનમ ૧૯૨૪	ચૈત્ર વદ પાંચમ ૧૯૫૭

પ્રસ્તાવના

'જે સત્પુરુષોએ જન્મ, જરા, મરણનો નાશ કરવાવાળો, સ્વસ્વરૂપમાં સહજ અવસ્થાન થવાનો ઉપદેશ કહ્યો છે, તે સત્પુરુષોને અત્યંત ભક્તિથી નમસ્કાર છે.' (પત્રાંક-૪૯૩)

પરમ જ્ઞાનાવતાર, સનાતન વીતરાગમાર્ગના ઉદ્ધારક, પ્રચંડ આત્મપરિણામી, અપ્રમત્ત યોગીશ્વર પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીનિર્દિષ્ટ સત્પંથ ઉપર વિચરનારા તેઓશ્રીના પરમ ભક્ત પૂજ્યશ્રી રાકેશભાઈની આત્મશ્રેયસ્કારી નિશ્રામાં અમે, 'શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સત્સંગ સાધના કેન્દ્ર'ના મુમુક્ષુઓ, છેલ્લા દોઢ-બે દાયકાથી અમારાં આત્મલક્ષનું પરિપ્રેક્ષણ અને અધ્યાત્મ-રુચિની પરિપુષ્ટિ કરી રહ્યા છીએ. જન્મ, જરા, મરણાદિ સર્વ દુઃખોનો અત્યંત ક્ષય કરનારો એવો જે વીતરાગપુરુષોનો મૂળ માર્ગ, તેનું રહસ્ય તેઓશ્રીની સામર્થ્યમયી નિશ્રા અને અદ્ભુત શૈલીના બળે સમજવા-પામવા અમે પ્રયત્નરત છીએ. પૂજ્યશ્રી રાકેશભાઈના અમૂલ્ય માર્ગદર્શન અનુસાર અમારી આધ્યાત્મિક સાધના સમગ્ર વર્ષ દરમ્યાન વિધવિધ પ્રકારે પ્રેમોલ્લાસપૂર્વક પ્રગતિરત રહે છે. આ સાધના અંતર્ગત પ્રતિવર્ષ પર્યુષણ પર્વ નિમિત્તે, શુદ્ધ મોક્ષમાર્ગની આરાધનામાં ઉપકારી થાય એવા કોઈ એક અનુભાવક ગ્રંથવિશેષ ઉપર સ્વલક્ષી અધ્યયન-સત્સંગની સાધના પણ સમાવિષ્ટ થયેલ છે.

પર્વાધિરાજ પર્યુષણ પર્વ દરમ્યાન જાત અને જગતનું યથાર્થ સ્વરૂપ દર્શાવી, સ્વ-પર ભેદવિજ્ઞાનની આરાધનામાં પ્રેરતી આધ્યાત્મિક સત્સંગશ્રેણી દ્વારા પૂજ્યશ્રી રાકેશભાઈ, પૂર્વનિર્ધારિત પરમાર્થપ્રધાન ગ્રંથના વિષયની વિશિષ્ટ છણાવટ કરી, વર્ષોવર્ષ આ પર્વને તથા એ દરમ્યાન થતી સાધનાને અધિકાધિક જોમવંતી અને હેતુલક્ષી બનાવી રહ્યા છે. ગત વર્ષોનાં પર્યુષણ પર્વ દરમ્યાન તેઓશ્રીએ અનેક સત્કૃતિઓનો આધાર લઈ, વ્યવહાર-નિશ્ચયની સંધિરૂપ, અતીન્દ્રિય નિજસુખની પ્રાપ્તિના માર્ગનો સુંદર ક્રમ જિજ્ઞાસુ ભવ્યાત્માઓ માટે વિશેષપણે અનાવૃત કર્યો છે. આ

વિષમ ભૌતિક યુગમાં ભક્તિ, વૈરાગ્ય અને જ્ઞાનની પ્રભાવના એ પૂજ્યશ્રીની નિષ્કારણ કરુણાની નિષ્પત્તિ છે.

આ વર્ષના આરાધનાગ્રંથની વિગતમાં પ્રવેશ કરીએ તે પૂર્વે છેલ્લાં થોડાં વર્ષોમાં પર્યુષણ પર્વ દરમ્યાન અવગાહેલ સત્કૃતિઓનું વિહંગાવલોકન કરી લઈએ –

વર્ષ	સત્કૃતિ	કર્તા
ઈ.સ. ૧૯૯૨	'અપૂર્વ અવસર' કાવ્ય	પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજી
ઈ.સ. ૧૯૯૩	'છ પદનો પત્ર'	પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજી
ઈ.સ. ૧૯૯૪	'આઠ યોગ દૃષ્ટિની સજ્ઝાય'	ઉપાધ્યાયશ્રી યશોવિજયજી મહારાજ
ઈ.સ. ૧૯૯૫	'છ ઢાળા'	પંડિતશ્રી દૌલતરામજી
ઈ.સ. ૧૯૯૬	'સમાધિતંત્ર'	આચાર્યશ્રી પૂજ્યપાદસ્વામી
ઈ.સ. ૧૯૯૭	'અનુભવપ્રકાશ'	પંડિતશ્રી દીપચંદજી કાસલીવાલ
ઈ.સ. ૧૯૯૮	'યોગસાર'	આચાર્યશ્રી યોગીન્દુદેવ
ઈ.સ. ૧૯૯૯	'તત્ત્વજ્ઞાન તરંગિણી'	ભટ્ટારકશ્રી જ્ઞાનભૂષણજી
ઈ.સ. ૨૦૦૦	'સમ્યગ્જ્ઞાન દીપિકા'	ક્ષુલ્લક બ્રહ્મચારીશ્રી ધર્મદાસજી
ઈ.સ. ૨૦૦૧	'શ્રી ભક્તામર સ્તોત્ર'	આચાર્યશ્રી માનતુંગસૂરિજી

પરમકૃપાળુદેવે વ્યાખ્યાનસાર-રમાં ફરમાવ્યું છે - **'દેહ અને આત્માનો ભેદ પાડવો તે 'ભેદજ્ઞાન'; જ્ઞાનીનો તે જાપ છે. તે જાપથી દેહ અને આત્મા જુદા પાડી શકે છે.' (વ્યાખ્યાનસાર-૨/૧૧/૧૮)** શ્રી જ્ઞાની ભગવંતોનો આ જાપ આત્મસાત્ કરવા આ વર્ષે આચાર્યશ્રી પૂજ્યપાદ સ્વામીવિરચિત 'ઈષ્ટોપદેશ' ગ્રંથ ઉપર ભેદવિજ્ઞાનપ્રેરક સત્સંગમાળાનું આયોજન

કરવામાં આવ્યું છે. ૫૧ શ્લોકપ્રમાણ આ ગ્રંથગાગરમાં અધ્યાત્મનો સાગર સમાયેલો છે.

મોક્ષ અને તેનો ઉપાય એ આપણા સૌનું ઇષ્ટ છે. આ ઇષ્ટની પ્રાપ્તિના અલૌકિક માર્ગે સ્વયં ચાલી આપણને તેનો યથાવત્ ઉપદેશ પ્રસ્તુત ગ્રંથમાં આપનાર આચાર્યશ્રી પૂજ્યપાદસ્વામીનો જન્મ કર્ણાટકના એક બ્રાહ્મણ પરિવારમાં થયો હતો. તેમના પિતાનું નામ માધવભટ્ટ તથા માતાનું નામ શ્રીદેવી હતું. તેમના જન્મકાળ વિષે કોઈ નિશ્ચિત માહિતી ઉપલબ્ધ નથી, પરંતુ પ્રાપ્ત શિલાલેખો અને સાહિત્યના આધારે વિદ્વાન સંશોધકો તેમનો કાળ વિક્રમની પાંચમી શતાબ્દીના ઉત્તરાર્ધથી છઠ્ઠી શતાબ્દીના પૂર્વાર્ધ વચ્ચેનો માને છે.

શ્રી પૂજ્યપાદસ્વામીને લઘુ વયમાં જ સર્પના મોઢામાં ફસાયેલા દેડકાને જોઈને વૈરાગ્ય જાગ્યો હતો. તેઓશ્રીએ ૧૫ વર્ષની વયે જિનદીક્ષા ગ્રહણ કરી હતી. તેમની અસાધારણ શક્તિઓના ફળસ્વરૂપે તેમને ૨૭ વર્ષની વયે આચાર્યપદે આરૂઢ કરવામાં આવ્યા હતા. દેવનંદી, જિનેન્દ્રબુદ્ધિ, પૂજ્યપાદ આદિ ઉત્તમ નામોથી વિભૂષિત આ સાતિશય યોગીએ કઠિનમાં કઠિન તપશ્ચર્યા તથા વિશાળ શાસ્ત્રાભ્યાસ કરી અસાધારણ વિદ્વત્ત્વ પ્રાપ્ત કર્યું હતું. તેઓ યુગપ્રધાન યોગીન્દ્ર, મહાન દાર્શનિક, અપૂર્વ તાર્કિક, કુશાગ્ર વૈદ્ય, અદ્વિતીય વૈયાકરણી તથા ધુરંધર કવિ હતા. ધર્મસિદ્ધાંત, અધ્યાત્મ, ભક્તિ, દર્શન, ન્યાય, વૈદ્યક, વ્યાકરણ, છંદ, જ્યોતિષ આદિ અનેક વિષયો ઉપર રચાયેલા શ્રેષ્ઠ ગ્રંથો તથા અદ્વિતીય રિદ્ધિ-સિદ્ધિઓ સંબંધી મળતાં શિલાલેખીય પ્રમાણો તેમની સર્વતોમુખી પ્રતિભાનું પ્રમાણ છે. તેમની કૃતિઓમાં મુખ્યત્વે 'સમાધિતંત્ર', 'ઇષ્ટોપદેશ', 'જૈનેન્દ્ર વ્યાકરણ', 'મુગ્ધબોધ વ્યાકરણ', 'શબ્દાવતાર', 'છંદશાસ્ત્ર', 'વૈદ્યસાર', 'સારસંગ્રહ', 'જૈનાભિષેક', 'દશભક્તિ', 'શાન્ત્યષ્ટક' વગેરે ગ્રંથો તથા 'તત્ત્વાર્થસૂત્ર'ની 'સર્વાર્થસિદ્ધિ' નામક ટીકા ઉલ્લેખનીય છે. વિવિધ ઉલ્લેખો દ્વારા તેમના

જીવનની અનેક ચમત્કારપૂર્ણ ઘટનાઓ જાણવા મળે છે. અલબત્ત, મહાન યોગીઓનાં જીવનમાં આવા ચમત્કારો અસંભવિત નથી. ૭૧ વર્ષની ઉંમર પછી તેઓશ્રીએ અનશન તપ ધારણ કરી, સંલેખનાપૂર્વક સમાધિમરણ પ્રાપ્ત કર્યું હતું.

આવા વિલક્ષણ મહાપુરુષ દ્વારા રચાયેલ ગ્રંથ 'ઇષ્ટોપદેશ'ને આત્મકલ્યાણના આ વિશિષ્ટ અવસરે રજૂ કરતાં અમે આનંદ અનુભવીએ છીએ. પ્રસ્તુત સંકલન તૈયાર કરવા માટે શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, અગાસ તથા શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા પ્રકાશિત 'ઇષ્ટોપદેશ' ગ્રંથનો આધાર લેવામાં આવ્યો છે, જે અર્થે પ્રકાશક સંસ્થાઓ તેમજ અનુવાદક મહાનુભાવોના ઋણનો સ્વીકાર કરીએ છીએ. આ ગ્રંથ પ્રગટ કરવાના સત્કાર્યમાં ભક્તિસભર યોગદાન આપનાર શ્રીમતી સ્મિતાબેન કોઠારી, કુમારી રીમા પરીખ, શ્રીમતી લીનાબેન ગાલા, ડૉ. અતુલભાઈ શાહ, શ્રી પ્રમેશભાઈ શાહ આદિ સર્વ મુમુક્ષુઓને અત્રે અંતઃકરણપૂર્વક ધન્યવાદ પાઠવીએ છીએ.

'સર્વજ્ઞે અનુભવેલો એવો શુદ્ધઆત્મપ્રાપ્તિનો ઉપાય શ્રી ગુરુ વડે જાણીને, તેનું રહસ્ય ધ્યાનમાં લઈને આત્મપ્રાપ્તિ કરો.' (પત્રાંક-૭૬૪) સ્વરૂપસંશોધન દ્વારા સ્વહિતના કાર્યમાં સાવધ કરનાર આ સાધકોપકારી ગ્રંથનું ભાવપૂર્વક અધ્યયન તથા તજ્જન્ય બોધની સૂક્ષ્મ વિચારણા આત્માને અંતર્મુખતા, ભેદજ્ઞાન અને આત્માનુભૂતિથી આલોકિત કરશે. જ્ઞાની મહાત્માઓની અનુભવમૂલક આર્ષ વાણીનો યથાર્થ લાભ લઈ સહુ આત્માર્થી જીવો અધ્યાત્મસાધનામાં આગળ વધી ઇષ્ટની પ્રાપ્તિ કરે એ જ અભ્યર્થના.

'સત્પુરુષોનું યોગબળ જગતનું કલ્યાણ કરો.'

પર્યુષણ પર્વ,
વિ.સં. ૨૦૫૮
તા. ૩-૯-૨૦૦૨

વિનીત ટ્રસ્ટીગણ,
શ્રીમદ્ રાજચંદ્ર
આધ્યાત્મિક સત્સંગ સાધના કેન્દ્ર,
મુંબઈ

મંગલાચરણ (સિદ્ધાત્માને નમસ્કાર) –

શ્લોક-૧

यस्य स्वयं स्वभावाप्तिरभावे कृत्स्नकर्मणः ।
तस्मै संज्ञानरूपाय नमोऽस्तु परमात्मने ॥

સર્વ કર્મ અભાવે જે, સ્વયં પામ્યા સ્વભાવને;
કેવલજ્ઞાનરૂપી તે, નમું સત્ પરમાત્મને.

અન્વયાર્થ – [यस्य] જેમને [कृत्स्न कर्मणः अभावे] સંપૂર્ણ કર્મોનો અભાવ થતાં [स्वयं स्वभाव आप्तिः] સ્વયં સ્વભાવની પ્રાપ્તિ થઈ ગઈ છે, [तस्मै] તે [संज्ञानरूपाय] સમ્યગ્જ્ઞાનરૂપ [परमात्मने] પરમાત્માને [नमः अस्तु] નમસ્કાર હો..

અર્થ – જેમને સમસ્ત કર્મોનો અભાવ થવાથી સ્વયં સ્વભાવની પ્રાપ્તિ થઈ છે તે સંજ્ઞાનસ્વરૂપી, કેવળજ્ઞાનસ્વરૂપી પરમાત્માને

સ્વસ્વરૂપની પ્રાપ્તિ કેવી રીતે થાય? –

શ્લોક-૨

योग्योपादानयोगेन दृषदः स्वर्णता मता ।
द्रव्यादिस्वादिसंपत्तावात्मनोऽप्यात्मता मता ॥

સ્વર્ણપાષાણ સુહેતુયોગે, સોનું બની રહે;
સુદ્રવ્યાદિ તણા યોગે, આત્મા શુદ્ધાત્મતા લહે.

અન્વયાર્થ – (જેમ) [योग्य उपादान योगेन] યોગ્ય ઉપાદાન (કારણ)ના યોગથી [दृषदः] પાષાણ(સુવર્ણપાષાણ)ને [स्वर्णता] સુવર્ણપણું [मता] માનવામાં આવ્યું છે, (તેમ) [आत्मनः अपि] આત્માને પણ [द्रव्यादि स्वादि संपत्तौ] સુદ્રવ્ય-ક્ષેત્રાદિ અથવા સ્વદ્રવ્ય-ક્ષેત્રાદિની સંપત્તિ (પ્રાપ્ત થતાં) [आत्मता] આત્મપણું અર્થાત્ નિર્મળ નિશ્ચલ ચૈતન્યભાવ [मता] માનવામાં આવ્યો છે.

અર્થ – જેમ સોનાની ખાણમાંથી પ્રાપ્ત થયેલ સુવર્ણપાષાણ શુદ્ધિ માટેનાં યોગ્ય કારણો મળતાં શુદ્ધ સુવર્ણપણાને પામે છે, તેમ અશુદ્ધ આત્મા પણ સુદ્રવ્યાદિ અથવા સ્વદ્રવ્યાદિ સંપત્તિ પામીને અશુદ્ધિ ટાળી શુદ્ધ આત્મદશા પ્રગટાવે છે.

વ્રતાદિનું અનુષ્ઠાન નિરર્થક નથી –

શ્લોક-3

वरं व्रतैः पदं दैवं नाव्रतैर्बत नारकम् ।
छायातपस्थयोर्भेदः प्रतिपालयतोर्महान् ॥

વ્રતો આપે સુખો સ્વર્ગે, અવ્રતો નરકે દુઃખો;
છાંયે તાપે, રહ્યા બેનો, ભેદ મોટો અહો! લખો.

અન્વયાર્થ – [व्रतैः] વ્રતો દ્વારા [दैवं पदं] દેવપદ પ્રાપ્ત કરવું [वरं] સારું છે, [बत] પણ અરે [अव्रतैः] અવ્રતો દ્વારા [नारकम्] નરકપદ પ્રાપ્ત કરવું [न वरं] સારું નથી. (જેમ) [छाया तप स्थयोः] છાયા અને તાપમાં બેસી [प्रतिपालयतोः] (મિત્રની) રાહ જોનારા બન્ને (પુરુષો)માં [महान् भेदः] મોટો તફાવત છે (તેમ વ્રત અને અવ્રતનું આચરણ કરનાર બન્ને પુરુષોમાં મોટો તફાવત છે).

અર્થ – વ્રત વડે દેવ ગતિમાં સુખ પમાય છે અને અવ્રતથી નરકાદિ અધોગતિમાં દુઃખ પ્રાપ્ત થાય છે, તેથી વ્રતપાલન સારું છે. જેમ કોઈ મિત્રની પ્રતીક્ષા કરતા બે પુરુષોમાંથી એક છાયામાં રહ્યો છે અને બીજો તાપમાં રહ્યો છે. એ બન્નેમાં જેવી રીતે મોટો ભેદ છે, તેવો જ ભેદ વ્રતપાલન કરનાર અને વ્રતપાલન નહીં કરનારમાં છે.

મોક્ષાર્થીને સ્વર્ગાદિનું સુખ પણ સુલભ હોય છે –

શ્લોક-૪

यत्र भावः शिवं दत्ते द्यौः कियद्दूरवर्तिनी ।
यो नयत्याशु गव्यूतिं क्रोशार्धे किं स सीदति ॥

આત્મભાવ યદિ મોક્ષ, આપે સ્વર્ગ વિસાત ના;
ક્રોશ બે જે લઈ જાયે, ક્રોશાર્ધે થાય મ્હાત ના.

અન્વયાર્થ – [यत्र] જ્યાં [भावः] આત્મભાવ (ભવ્ય જીવોને) [शिवं] મોક્ષ [दत्ते] આપે છે, (ત્યાં) [द्यौः] સ્વર્ગ [कियत् दूरवर्तिनी] કેટલું દૂર છે? (કંઈ દૂર નથી, અર્થાત્ નજીક છે). [यः] જે (મનુષ્ય) ભારને [गव्यूतिं] બે કોશ સુધી [आशु] જલદી [नयति] લઈ જાય છે, [सः] તે (મનુષ્ય) તે ભારને [क्रोशार्धे] અર્ધો કોશ લઈ જતાં [किं सीदति] શું થાકી જશે - ખિન્ન થશે? (ના, ખિન્ન નહીં થાય).

અર્થ – આત્માને વિષે જે ભાવ મોક્ષ આપવા સમર્થ છે, તેનાથી સ્વર્ગપ્રાપ્તિ તો કેટલી દૂર હોઈ શકે? અર્થાત્ તે તો સહેજે થઈ શકે. જે ભારવાહક સહેલાઈથી બે કોશ સુધી ભારવહન કરી શકે તે શું અર્ધા કોશ સુધી ભારવહન કરવામાં થાકી જશે? નહીં જ. એટલું તો જરા વારમાં સહેલાઈથી તે લઈ જઈ શકશે.

આત્મભક્તિથી સ્વર્ગની પ્રાપ્તિ થતાં, ત્યાં શું ફળ મળે છે? –

શ્લોક-૫

हृषीकजमनातङ्कं दीर्घकालोपलालितम् ।
नाके नाकौकसां सौख्यं नाके नाकौकसामिव ।।

સ્વર્ગમાં અમરોને જે, સુખો ઇન્દ્રિયજન્ય એ;
નિરામયી ચિરસ્થાયી, દેવોને ભોગ્ય યોગ્ય એ.

અન્વયાર્થ – [नाके नाकौकसां] સ્વર્ગમાં વસનાર દેવોને જે [सौख्यं] સુખ હોય છે તે [नाके नाकौकसाम् इव] સ્વર્ગમાં રહેલા દેવોના જેવું [हृषीकजम्] ઇન્દ્રિયજનિત, [अनातङ्कं] આતંક(શત્રુ આદિ દ્વારા ઉત્પન્ન થનાર દુઃખ)રહિત, [दीर्घ काल उपलालितम्] દીર્ઘ કાળ સુધી (તેત્રીસ સાગર પર્યંત) ભોગવવામાં આવે તેવું હોય છે.

અર્થ – સ્વર્ગમાં દેવોને જે સુખો છે તે ઇન્દ્રિયજન્ય સુખ છે, રોગ વગરનાં છે અને દીર્ઘ કાળ સુધી ટકી રહે તેવાં છે. દેવલોકમાં દેવોને ભોગ્ય યોગ્ય અનુપમેય એ સુભોગ્ય છે.

સાંસારિક સુખની અવાસ્તવિકતા –

શ્લોક-૬

वासनामात्रमेवैतत्सुखं दुःखं च देहिनाम् ।
तथा ह्युद्वेजयन्त्येते भोगा रोगा इवापदि ॥

જીવોની વાસનામાત્ર, એ ઇન્દ્રિય સુખો દુઃખો;
ભોગ તે રોગવત્ પીડા, આપે આપત્તિમાં જુઓ.

અન્વયાર્થ – [देहिनाम्] દેહધારીઓનાં [एतत् सुखं दुःखं च] તે સુખ તથા દુઃખ [वासना मात्रम् एव] કેવળ વાસનામાત્ર જ હોય છે, [तथा हि] વળી [एते भोगाः] તે (સુખ-દુઃખરૂપ) ભોગો [आपदि] આપત્તિના સમયે [रोगाः इव] રોગોની જેમ (પ્રાણીઓને) [उद्वेजयन्ति] ઉદ્વેજિત (આકુલિત) કરે છે.

અર્થ – દેહધારીઓનાં - બહિરાત્માઓનાં સુખ-દુઃખ તે તો વાસનામાત્ર જ છે. કેવળ કલ્પનાજન્ય છે. આપત્તિ કે શત્રુ આદિ દ્વારા આવી પડેલી વિપત્તિ આદિ દુર્નિવાર પ્રતિકૂળ સંજોગોમાં તે ભોગ રોગ સમાન પીડા, આકુળતા આપનાર થઈ પડે છે. સાંસારિક પ્રાણીઓનાં આવાં સુખ-દુઃખ તે દુઃખરૂપ થઈ આખરે ક્લેશનાં જ કારણ થઈ પડે છે.

વાસનાજન્ય સુખ-દુઃખની પ્રતીતિ કેમ થતી નથી? –

શ્લોક-૭

मोहेन संवृतं ज्ञानं स्वभावं लभते न हि ।
मत्तः पुमान् पदार्थानां यथा मदनकोद्रवैः ॥

મોહાચ્છાદિત જો જ્ઞાન, જાણે તે ન સ્વભાવને;
મેણો ચઢ્યે ખૂવે પ્રાજ્ઞો, શુદ્ધિ, બુદ્ધિ-પ્રભાવને.

અન્વયાર્થ – [यथा] જેમ [मदन कोद्रवैः] મદ ઉત્પન્ન કરનાર કોદ્રવોથી (કોદ્રવના નિમિત્તથી) [मत्तः पुमान्] ઉન્મત્ત (પાગલ) બનેલો માણસ [पदार्थानां] પદાર્થોનું [स्वभावं] યથાર્થ સ્વરૂપ [न लभते] જાણતો નથી, (તેમ જ) [मोहेन] મોહથી [संवृतं] આચ્છાદિત થયેલું [ज्ञानं] જ્ઞાન [स्वभावं] વાસ્તવિક સ્વરૂપને [न हि लभते] જાણતું જ નથી.

અર્થ – જેવી રીતે મેણો ચઢે તેવા મેણા-કોદરા ખાનાર પોતે પ્રાજ્ઞ હોવા છતાં, ઉન્મત્ત બનેલો હોવાથી પદાર્થોને બરાબર જાણી શકતો નથી. તે પોતાની શુદ્ધિ-બુદ્ધિ ખોઈ બેભાન જેવો થઈ જાય છે. તેવી જ રીતે જ્ઞાન મોહથી ઢંકાયેલું હોવાથી, અજ્ઞાનીને વસ્તુસ્વરૂપ જેમ છે તેમ ભાસતું નથી. તેથી તે દુઃખને સુખરૂપ અને સુખને દુઃખરૂપ માની લઈ વર્ત્યો જાય છે.

મૂઢ જીવ શરીરાદિને કેવાં માને છે? –

શ્લોક-૮

वपुर्गृहं धनं दाराः पुत्रा मित्राणि शत्रवः ।
सर्वथान्यस्वभावानि मूढः स्वानि प्रपद्यते ॥

દેહગેહાદિ સ્ત્રીપુત્રો, શત્રુમિત્રો, ધનાદિ તો;
સ્વભાવે સર્વથા ન્યારાં, મૂઢ માને સ્વકીય જો.

અન્વયાર્થ – [वपुः] શરીર, [गृहं] ઘર, [धनं] ધન, [दाराः] સ્ત્રી, [पुत्राः] પુત્રો, [मित्राणि] મિત્રો, [शत्रवः] શત્રુઓ [सर्वथा अन्य स्वभावानि] સર્વથા (ચૈતન્યસ્વભાવથી) ભિન્ન સ્વભાવવાળાં છે, (છતાં) [मूढः] અજ્ઞાની જીવ (તેમને) [स्वानि] પોતાનાં [प्रपद्यते] માને છે.

અર્થ – શરીર, ગૃહ, ધન, સ્ત્રી, પુત્રો, મિત્રો, શત્રુઓ - એ બધાં સર્વથા અન્ય સ્વભાવવાળાં છે, અર્થાત્ પોતાનો સ્વભાવ ચૈતન્યમય જ્ઞાનદર્શનસ્વરૂપ માત્ર છે અને આ બધા પદાર્થો પોતાનાથી તદ્દન જુદા છે છતાં અજ્ઞાની જીવ તેને પોતાના માને છે. એ જ મોહથી મૂઢ થયેલા જગતવાસી જીવોની મૂઢ દશા સૂચવે છે.

હિતકારક મનાતાં સ્ત્રી-પુત્રાદિના સંયોગનું દૃષ્ટાંત –

શ્લોક-૯

दिग्देशेभ्यः खगा एत्य संवसन्ति नगे नगे ।
स्वस्वकार्यवशाद्यान्ति देशे दिक्षु प्रगे प्रगे ॥

ભિન્ન દેશ દિશામાંથી, પક્ષી આવી તરુ વસે;
પ્રભાતે સૌ સ્વકાર્યાર્થે, ઊડી જાયે દિશે દિશે.

અન્વયાર્થ – [खगाः] પક્ષીઓ [दिग्देशेभ्यः] (પૂર્વાદિ) દિશાઓથી અને (અંગ, બંગ આદિ) દેશોથી [एत्य] આવીને [नगे नगे] વૃક્ષો ઉપર [संवसन्ति] નિવાસ કરે છે અને [प्रगे प्रगे] પ્રાતઃકાલ થતાં [स्वस्वकार्यवशात्] પોતપોતાના કાર્યવશાત્ [देशे दिक्षु] (જુદા જુદા) દેશો અને દિશાઓમાં [यान्ति] ચાલ્યાં જાય છે.

અર્થ – ભિન્ન ભિન્ન દિશાઓ કે દેશોમાંથી પક્ષીઓ આવે છે અને વૃક્ષો ઉપર રાતવાસો કરે છે, પણ સવાર થતાં પોતપોતાનાં કાર્યવશે જુદી જુદી દિશાઓમાં કે દેશોમાં ઊડી જાય છે.

અહિતકારી મનાતો વર્ગ કોપને પાત્ર નથી તેનું દૃષ્ટાંત –

શ્લોક-૧૦

विराधकः कथं हंत्रे जनाय परिकुप्यति ।
त्र्यङ्गुलंपातयन् पद्भ्यां स्वयं दण्डेन पात्यते ॥

વિરાધે અન્યને તું તો, અન્ય તે તુજને હણે;
કરે છે ક્રોધ ત્યાં શાને? વાવે તેવું જગે લણે.

અન્વયાર્થ – [विराधकः] વિરાધક (જેણે પહેલાં બીજાને હેરાન કર્યા હતા - દુઃખ આપ્યું હતું એવો પુરુષ) [हन्त्रे जनाय] (વર્તમાનમાં) પોતાને મારનાર માણસ પ્રત્યે [कथं परिकुप्यति] કેમ ગુસ્સો કરે છે? (અરે દેખો!) [त्र्यङ्गुलं] ત્ર્યંગુલને [पद्भ्यां] પગથી [पातयन्] નીચે પાડનાર (મનુષ્ય) [स्वयं] સ્વયં [दण्डेन] દંડ વડે (ત્ર્યંગુલના દંડ વડે) [पात्यते] નીચે પડી જાય છે.

અર્થ – પહેલાં તું અન્યને વિરાધે છે તો તે વર્તમાનમાં તને મારે છે. તેવા ઉપર તું ક્રોધ શા માટે કરે છે? આ જગતમાં સુખ કે દુઃખ પોતાનાં કરેલાં કર્મો વડે જ પ્રાપ્ત થાય છે. અન્ય તો નિમિત્તમાત્ર છે, માટે તે પ્રત્યે કોપ કરવો વ્યર્થ છે. તેનું દૃષ્ટાંત એ છે કે જે વિચાર વિના કામ કરે છે તેવો પુરુષ ત્રણ આંગળના આકારવાળા ત્ર્યંગુલને પગ વડે પાડે છે અને તે દંડા વડે પોતે જ પડી જાય છે.

હિત-અહિતકારી મનાતા પદાર્થોમાં રાગ-દ્વેષ કરવાનું પરિણામ –

શ્લોક-૧૧

रागद्वेषद्वयी दीर्घनेत्राकर्षणकर्मणा ।
अज्ञानात्सुचिरं जीवः संसाराब्धौ भ्रमत्यसौ ॥

અજ્ઞાને રાગ ને દ્વેષ, નેતરાં કષ્ટ નોતરે;
ખેંચાતાં દંડવત્ જીવો, ભવાબ્ધિમાં ભમ્યા કરે.

અન્વયાર્થ – [असौ जीवः] આ જીવ [अज्ञानात्] અજ્ઞાનથી [रागद्वेषद्वयी दीर्घ नेत्राकर्षण कर्मणा] રાગ-દ્વેષરૂપી બે લાંબી દોરીઓ(નેતરાં)ની ખેંચતાણના કાર્યથી [संसाराब्धौ] સંસાર-સમુદ્રમાં [सुचिरं] બહુ લાંબા કાળ સુધી [भ्रमति] ઘૂમતો રહે છે - ભમતો રહે છે.

અર્થ – આ જીવ અજ્ઞાનના કારણે રાગ-દ્વેષરૂપી બે લાંબી દોરીરૂપ નેતરાંને (વારાફરતી) ખેંચતો રહેતો હોવાથી સંસારરૂપી સમુદ્રમાં દીર્ઘ કાળ સુધી ભમ્યા કરે છે.

સાંસારિક સુખનું વાસ્તવિક સ્વરૂપ –

શ્લોક-૧૨

विपद्भवपदावर्ते पदिकेवातिबाह्यते ।
यावत्तावद्भवन्त्यन्याः प्रचुरा विपदः पुरः ॥

વિપત્તિ એક જ્યાં જાયે, આવે તેવી બીજી ઘણી;
સંસારે પ્રાણીને એવી, ઘટમાળ વિપત્તિની.

અન્વયાર્થ – [भवपदावर्ते] સંસારરૂપી (પગથી ચલાવવામાં આવતા) યંત્રમાં [पदिका इव] એક પાટલી સમાન [विपत्] એક વિપત્તિ [यावत् अतिबाह्यते तावत्] દૂર કરાય તે પહેલાં તો [अन्याः] બીજી [प्रचुराः] ઘણી [विपदः] વિપત્તિઓ [पुरः भवन्ति] સામે ઉપસ્થિત થાય છે.

અર્થ – કૂવામાં પગથી ચાલતી ઘટમાળમાં પાણીથી ભરેલો એક ઘડો જ્યાં ઉપર આવીને ઠલવાઈ નીચે જાય છે ત્યાં તરત જ બીજા અનેક ઘડા નીચેથી ઉપર આવી પહોંચે છે, તેમ આ સંસારરૂપ ઘટમાળમાં શારીરિક કે માનસિક એક વિપત્તિ જ્યાં ભોગવાઈને પૂરી થતી નથી ત્યાં તો બીજી ઘણી વિપત્તિઓ સામે આવી ખડી થઈ જાય છે.

સંસારી જીવો શેનાથી સુખ માને છે? –

શ્લોક-૧૩

दुरर्ज्येनासुरक्ष्येण नश्वरेण धनादिना ।
स्वस्थंमन्यो जनः कोऽपि ज्वरवानिव सर्पिषा ।।

કમાતાં રક્ષતાં કષ્ટ, ધનાદિ નાશવંતને;
સુખી તેથી ગણે તો શું, સુખ ઘીથી જ્વરાર્તને?

અન્વયાર્થ – (જેમ) [ज्वरवान्] કોઈ જ્વરગ્રસ્ત (તાવથી પીડાતો) માણસ [सर्पिषा] ઘીથી (એટલે ઘી પીને અથવા શરીરે ચોપડીને) [स्वस्थंमन्यः] પોતાને સ્વસ્થ (નીરોગી) માને છે, [इव] તેમ [कः अपि जनः] કોઈ એક મનુષ્ય [दुरर्ज्येन] મુશ્કેલી(કષ્ટ)થી પેદા કરેલા (કમાયેલા) [असुरक्ष्येण] જેની સારી રીતે સુરક્ષા કરવી અશક્ય છે એવા [नश्वरेण] નશ્વર (નાશવાન) [धनादिना] ધન આદિથી પોતાને સુખી માને છે.

અર્થ – જેમ કોઈ જ્વરગ્રસ્ત પ્રાણી ઘી ખાઈને કે માલિશ કરીને પોતાને સ્વસ્થ માને, તેમ કોઈ એક મનુષ્ય મુશ્કેલીથી ઉપાર્જન કરેલ અને જેની રક્ષા કરવી કઠણ છે તથા જે અવશ્ય નાશ પામવાનું જ છે તેવા ધનાદિને પામીને પોતાને સુખી માને છે. તેમાં બુદ્ધિહીનતા કે મૂર્ખતા જ જણાય છે.

કષ્ટદાયક સંપદાને જીવ કેમ છોડતો નથી? –

શ્લોક-૧૪

विपत्तिमात्मनो मूढः परेषामिव नेक्षते ।
दह्यमानमृगाकीर्णवनान्तरतरुस्थवत् ॥

વિપત્તિ અન્યની જોતાં, પોતાની ન વિચારતો;
વને જ્યાં સૌ બળે પ્રાણી, મૂર્ખ વૃક્ષે રહ્યો છતો.

અન્વયાર્થ – [दह्यमान मृगाकीर्ण वनान्तर तरुस्थवत्] (દાવાનળની જ્વાળાથી) બળી રહેલા મૃગોથી છવાયેલા વનની મધ્યમાં વૃક્ષ ઉપર બેઠેલા મનુષ્યની જેમ [मूढः] (સંસારી) મૂઢ પ્રાણી [परेषाम् इव] બીજાઓની (વિપત્તિની) જેમ [आत्मनः विपत्ति] પોતાની વિપત્તિને [न ईक्षते] જોતો નથી.

અર્થ – જ્યાં અનેક હરણો દાવાનળની જ્વાળામાં બળી રહ્યાં છે એવા જંગલની મધ્યમાં વૃક્ષ ઉપર બેઠેલા મનુષ્યની માફક આ સંસારી પ્રાણી, બીજાની વિપત્તિઓ જોઈને પણ પોતાના ઉપર આવનારી આફતો કે વિપત્તિઓનો ખ્યાલ કરતો નથી.

ધનાર્થી આગામી આપદાને દેખતો નથી –

શ્લોક-૧૫

आयुर्वृद्धिक्षयोत्कर्षहेतुं कालस्य निर्गमम् ।
वाञ्छतां धनिनामिष्टं जीवितात्सुतरां धनम् ॥

આયુ-ભોગે વધે લક્ષ્મી, ધનિકો તોય તે ચહી;
ધનાર્થે આયુ ગાળી દે, પ્રાણથી ઈષ્ટ શ્રી તહીં.

અન્વયાર્થ – [कालस्य निर्गमम्] કાળનું નિર્ગમન (વ્યતીત થવું) તે [आयुः वृद्धि क्षय उत्कर्ष हेतुं] આયુના ક્ષયનું તથા (કાળની) વૃદ્ધિ, ઉત્કર્ષ(વ્યાજવૃદ્ધિ)નું કારણ છે. [वाञ्छतां धनिनाम्] એમ ઇચ્છતા ધનિકોને [जीवितात्] પોતાના જીવન કરતાં [धनं] ધન [सुतरां] અતિશય [इष्टं] વહાલું હોય છે.

અર્થ – કાળનું વ્યતીત થવું તે આયુના ક્ષયનું કારણ છે અને કાળની વૃદ્ધિ વ્યાજ વધવાનું કારણ છે. આવો કાળ વ્યતીત થવાનું જે ચાહે છે તે ધનવાનને પોતાના જીવન કરતાં ધન વધારે ઈષ્ટ છે.

જેનાથી પુણ્યોપાર્જન થાય તે ધન નિંદ્ય કેમ હોઈ શકે? –

શ્લોક-૧૬

त्यागाय श्रेयसे वित्तमवित्तः संचिनोति यः ।
स्वशरीरं स पङ्केन स्नास्यामीति विलिम्पति ॥

દાન કે પુણ્યના નામે, નિર્ધનો ધન સંગ્રહે;
તો તે 'સ્નાને થશું શુદ્ધ', ચહી પંકે વૃથા પડે.

અન્વયાર્થ – [यः] જે [अवित्तः] નિર્ધન [श्रेयसे] પુણ્યની પ્રાપ્તિ અર્થે [त्यागाय] દાન કરવા માટે [वित्तं] ધનનો [संचिनोति] સંચય કરે છે, [सः] તે [स्नास्यामि इति] 'સ્નાન કરી લઈશ' એમ સમજી [स्वशरीरं] પોતાના શરીરને [पङ्केन] કાદવથી [विलिम्पति] ખરડે છે, અર્થાત્ પોતાના શરીરે કાદવ લપેડે છે.

અર્થ – જે નિર્ધન પુણ્યપ્રાપ્તિ અર્થે દાન કરવા માટે ધનનો સંચય કરે છે, તે 'હું પછી સ્નાન કરી લઈશ', એમ કહીને શરીર ઉપર કાદવ ચોપડે છે.

ભોગોપભોગને માટે પણ ધનની સાધના પ્રશસ્ય નથી –

શ્લોક-૧૭

आरम्भे तापकान्प्राप्तावतृप्तिप्रतिपादकान् ।
अन्ते सुदुस्त्यजान् कामान् कामं कः सेवते सुधीः ॥

પમાયે કષ્ટથી ભોગો, પામ્યે તૃપ્તિ ન આપતા;
ત્યાગતાં દુઃખ દે અંતે, તેમાં સુજ્ઞો શું રાચતા?

અન્વયાર્થ – [आरम्भे] આરંભમાં [तापकान्] સંતાપ કરનાર, [प्राप्तौ अतृप्ति प्रतिपादकान्] પ્રાપ્ત થતાં અતૃપ્તિ કરનાર અને [अन्ते सुदुस्त्यजान्] અંતમાં મહા મુશ્કેલીથી પણ છોડી ન શકાય તેવા [कामान्] ભોગોપભોગોને [कः सुधीः] કોણ બુદ્ધિશાળી [कामं] આસક્તિથી [सेवते] સેવશે?

અર્થ – આરંભમાં સંતાપનું કારણ અને પ્રાપ્ત થતાં અતૃપ્તિ કરનાર તથા અંતમાં ઘણી મુશ્કેલીથી પણ ન છોડી શકાય એવા ભોગોપભોગને કયો વિદ્વાન આસક્તિથી સેવશે? અર્થાત્ કોઈ બુદ્ધિમાન સેવશે નહીં.

કાયસંબંધી વિચાર –

શ્લોક-૧૮

भवन्ति प्राप्य यत्सङ्गमशुचीनि शुचीन्यपि ।
स कायः संततापायस्तदर्थं प्रार्थना वृथा ॥

જેના સંગે શુચિ એવા, પદાર્થો અશુચિ બને;
તે દુઃખમૂર્તિ દેહાર્થે, ભોગની ચાહ શું તને?

અન્વયાર્થ – [यत्संङ्गम्] જેનો સંગ [प्राप्य] પામી [शुचीनि अपि] પવિત્ર પદાર્થો પણ [अशुचीनि] અપવિત્ર [भवन्ति] થઈ જાય છે, [सः कायः] તે શરીર [संततापायः] હંમેશાં બાધાઓ (ઉપદ્રવ) સહિત છે; (તેથી) [तदर्थं] તેના માટે [प्रार्थना] (ભોગોપભોગની) પ્રાર્થના (આકાંક્ષા) કરવી [वृथा] વ્યર્થ છે.

અર્થ – જેનો સંબંધ પામીને પવિત્ર પદાર્થ પણ અપવિત્ર થઈ જાય છે, તે શરીર હંમેશાં અપાયો, ઉપદ્રવો, ઉપાધિઓ, વિઘ્નો તથા વિનાશો સહિત છે. તેથી તેને માટે ભોગોપભોગના પદાર્થોની ચાહના વ્યર્થ છે.

ધનાદિથી શું આત્મ-ઉપકાર થઈ શકશે? –

શ્લોક-૧૯

यज्जीवस्योपकाराय तद्देहस्यापकारकम् ।
यद्देहस्योपकाराय तज्जीवस्यापकारकम् ॥

આત્માને શ્રેયકારી જે, દેહને અપકારી તે;
કિંતુ દેહોપકારી જે, આત્માને અપકારી તે.

અન્વયાર્થ – [यत्] જે [जीवस्य उपकाराय] જીવને ઉપકારક છે [तत्] તે [देहस्य अपकारकम्] દેહને અપકારક છે અને [यत्] જે [देहस्य उपकाराय] દેહને ઉપકારક છે [तत्] તે [जीवस्य अपकारकम्] જીવને અપકારક છે.

અર્થ – જે જીવનો ઉપકાર કરનાર હોય છે, તે શરીરનો અપકાર (અહિત) કરનાર હોય છે. જે વસ્તુઓ શરીરનું હિત કે ઉપકાર કરનાર હોય છે તે વસ્તુઓ આત્માનું અહિત કરનાર હોય છે.

ધ્યાનથી સાંસારિક સુખની અને મોક્ષસુખની પ્રાપ્તિ થતી હોય તો વિવેકી જીવ બેમાંથી કોની પસંદગી કરશે? –

શ્લોક-૨૦

इतश्चिन्तामणिर्दिव्य इतः पिण्याकखण्डकम् ।
ध्यानेन चेदुभे लभ्ये क्वाद्रियन्तां विवेकिनः ॥

દિવ્ય ચિંતામણિ એક, કાચનો કટકો બીજો;
મળે જો ધ્યાનથી બન્ને, વિવેકી ઇચ્છશે કયો?

અન્વયાર્થ – [इतः दिव्यः चिन्तामणिः] એક બાજુ દિવ્ય ચિંતામણિ છે, [इतः पिण्याकखण्डकम्] અને બીજી બાજુ ખોળનો (અથવા કાચનો) ટુકડો છે; [चेत्] જો [ध्यानेन] ધ્યાન દ્વારા [उभे] બન્ને [लभ्ये] મળી શકે તેમ છે, તો [विवेकिनः] વિવેકી જનો [क्व आद्रियन्तां] કોનો આદર કરશે?

અર્થ – જે ધ્યાન વડે દિવ્ય ચિંતામણિ મળી શકે છે. એનાથી કાચનો કટકો પણ મળી શકે છે. જો ધ્યાનથી બન્ને પ્રાપ્ત થાય એમ હોય તો વિવેકી જીવ કઈ તરફ આદરબુદ્ધિ કરશે? અર્થાત્ કોને ઇચ્છશે?

આત્માનું સ્વરૂપ –

શ્લોક-૨૧

स्वसंवेदनसुव्यक्तस्तनुमात्रो निरत्ययः ।
अत्यन्तसौख्यवानात्मा लोकालोकविलोकनः ॥

સ્પષ્ટ સ્વાનુભવે વ્યક્ત, અક્ષયી દેહવ્યાપક;
આનંદધામ આ આત્મા, લોકાલોકપ્રકાશક.

અન્વયાર્થ – [आत्मा] આત્મા [लोकालोक विलोकनः] લોક અને અલોકનો જ્ઞાતા-દ્રષ્ટા, [अत्यन्त सौख्यवान्] અત્યંત સુખસ્વભાવવાળો, [तनुमात्रः] શરીરપ્રમાણ, [निरत्ययः] અવિનાશી (નિત્ય) અને [स्वसंवेदन सुव्यक्तः] સ્વસંવેદન દ્વારા સારી રીતે વ્યક્ત (પ્રગટ) છે.

અર્થ – આત્મા લોક અને અલોકને જોવા-જાણવાવાળો, અનંત સુખસ્વભાવવાળો, શરીરપ્રમાણ, નિત્ય, સ્વસંવેદન વડે સારી રીતે પ્રગટ છે, અર્થાત્ સ્વસંવેદનપ્રત્યક્ષ છે.

આત્માની ઉપાસના કેવી રીતે કરવી? –

શ્લોક-૨૨

संयम्य करणग्राममेकाग्रत्वेन चेतसः ।
आत्मानमात्मवान् ध्यायेदात्मनैवात्मनि स्थितम् ॥

ચિત્ત-એકાગ્રતા સાધી, રોકી ઇન્દ્રિયગ્રામને;
આત્માથી સંયમી ધ્યાવે, આત્મામાં સ્થિત આત્મને.

અન્વયાર્થ – [चेतसः] મનની [एकाग्रत्वेन] એકાગ્રતાથી [करणग्रामम्] ઇન્દ્રિયોના સમૂહને [संयम्य] વશ કરી [आत्मवान्] આત્મવાન પુરુષે [आत्मनि] પોતાનામાં [स्थितम्] સ્થિત [आत्मानम्] આત્માને [आत्मना एव] આત્મા દ્વારા જ [ध्यायेत्] ધ્યાવવો જોઈએ.

અર્થ – મનની એકાગ્રતા વડે ઇન્દ્રિયોને વશ કરીને, સ્વચ્છંદવૃત્તિનો નાશ કર્યો છે એવા સંયમીએ પોતાનામાં સ્થિત આત્માને પોતાના આત્મા વડે ધ્યાવવો, (ચિંતવવો) જોઈએ.

આત્માની ઉપાસનાનું પ્રયોજન શું? –

શ્લોક-૨૩

अज्ञानोपास्तिरज्ञानं ज्ञानं ज्ञानिसमाश्रयः ।
ददाति यत्तु यस्यास्ति सुप्रसिद्धमिदं वचः ॥

જ્ઞાનીના આશ્રયે જ્ઞાન, અજ્ઞથી અજ્ઞતા મળે;
'હોય જેની કને જે તે, આપે' લોકોક્તિ એ ફળે.

અન્વયાર્થ – [अज्ञानोपास्तिः] અજ્ઞાનની (અર્થાત્ જ્ઞાનરહિત શરીરાદિની) ઉપાસના [अज्ञानं ददाति] અજ્ઞાન આપે છે, [ज्ञानिसमाश्रयः] અને જ્ઞાનીની સેવા [ज्ञानं ददाति] જ્ઞાન આપે છે. [यत् तु यस्य अस्ति ददाति] જેની પાસે જે હોય છે તે આપે છે, [इदं सुप्रसिद्धम् वचः] એ સુપ્રસિદ્ધ વાત છે.

અર્થ – અજ્ઞાન એટલે જ્ઞાનથી રહિત એવા શરીરાદિની સેવાથી અજ્ઞાનની પ્રાપ્તિ થાય છે અને જ્ઞાનસ્વભાવી એવા આત્માની સેવાથી જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. આ વાત પ્રસિદ્ધ છે કે જેની પાસે જે હોય તે જ તે આપે છે. જે વસ્તુ જેની પાસે ન હોય તે વસ્તુ તે ક્યાંથી આપી શકે? (અજ્ઞાની જીવની સેવાથી જ્ઞાનપ્રાપ્તિ ન થાય પણ આત્મજ્ઞાનસંપન્ન એવા જ્ઞાનીપુરુષની સેવાથી જ જ્ઞાનપ્રાપ્તિ થાય.)

આત્મામાં લીન એવા જ્ઞાનીને શું લાભ થાય છે? –

શ્લોક-૨૪

परीषहाद्यविज्ञानादास्त्रवस्य निरोधिनी ।
जायतेऽध्यात्मयोगेन कर्मणामाशु निर्जरा ॥

પરિષહો જણાયે ના, મગ્ન અધ્યાત્મમાં થતાં;
આસ્રવો રોકતી થાયે, કર્મની શીઘ્ર નિર્જરા.

અન્વયાર્થ – [अध्यात्मयोगेन] અધ્યાત્મયોગથી [परीषहाद्य विज्ञानात्] પરિષહાદિનો અનુભવ (વેદન) નહીં હોવાથી [आस्त्रवस्य] (કર્મોના) આસ્રવ(આગમન)ને [निरोधिनी] રોકવાવાળી [कर्मणां निर्जरा] કર્મોની નિર્જરા [आशु] શીઘ્ર [जायते] થાય છે.

અર્થ – આત્મામાં આત્માના જોડાણથી, અર્થાત્ આત્માના ધ્યાનથી મનુષ્ય-તિર્યંચ-દેવાદિના ઘોર પરિષહો કે ઉપસર્ગોનો અનુભવ ન થવાથી, અર્થાત્ ઉપસર્ગાદિ તરફ લક્ષ નહીં હોવાથી કર્મોના આગમનને રોકવાવાળી કર્મનિર્જરા શીઘ્ર થાય છે.

ધ્યાન-ધ્યેયરૂપ આત્માને સંયોગ સંબંધનો અભાવ થાય છે –

શ્લોક-૨૫

कटस्य कर्त्ताहमिति सम्बन्धः स्याद् द्वयोर्द्वयोः ।
ध्यानं ध्येयं यदात्मैव सम्बन्धः कीदृशस्तदा ॥

કર્તા હું સાદડીનો ત્યાં, છે સંબંધ જુદો કહ્યો;
ધ્યાન-ધ્યેય સ્વયં આત્મા, ત્યાં સંબંધ કયો રહ્યો?

અન્વયાર્થ – [अहं] હું [कटस्य] ચટાઈનો [कर्त्ता] કર્તા છું [इति] એ રીતે [द्वयोः द्वयोः] જુદા જુદા બે પદાર્થો વચ્ચે [सम्बन्धः] સંબંધ [स्यात्] હોઈ શકે. [यदा] જ્યારે [आत्मा एव] આત્મા જ [ध्यानं ध्येयं] ધ્યાન અને ધ્યેયરૂપ થઈ જાય [तदा] ત્યારે [कीदृशः सम्बन्धः] સંબંધ કેવો?

અર્થ – 'હું ચટાઈનો બનાવનાર છું.' આ પ્રમાણે જુદા જુદા બે પદાર્થોમાં સંબંધ થયા કરે છે. પરંતુ જ્યાં આત્મા જ ધ્યાન, ધ્યાતા (ધ્યાન કરનાર) તથા ધ્યેય થઈ જાય છે ત્યાં સંબંધ કેવો?

બંધ-મોક્ષનું કારણ –

શ્લોક-૨૬

बध्यते मुच्यते जीवः सममो निर्ममः क्रमात् ।
तस्मात्सर्वप्रयत्नेन निर्ममत्वं विचिन्तयेत् ॥

મમતાથી જીવને બંધ, મુક્તિ નિર્મમતા થકી;
માટે સર્વ પ્રયત્ને એ, ધ્યાવો નિર્મમતા નકી.

અન્વયાર્થ – [सममः जीवः] મમતાવાળો જીવ અને [निर्ममः जीवः] મમતારહિત જીવ [क्रमात्] અનુક્રમે [बध्यते] બંધાય છે અને [मुच्यते] મુક્ત થાય છે (બંધનથી છૂટે છે); [तस्मात्] તેથી [सर्व प्रयत्नेन] પૂરા પ્રયત્નથી [निर्ममत्वं] નિર્મમત્વનું [विचिन्तयेत्] વિશેષ કરીને ચિંતવન કરવું જોઈએ.

અર્થ – મમતાવાળો જીવ કર્મોથી બંધાય છે અને મમતારહિત જીવ મુક્ત થાય છે, માટે દરેક પ્રકારથી સંપૂર્ણ પ્રયત્ન વડે

નિર્મમત્વના ચિંતવનની પ્રક્રિયા –

શ્લોક-૨૭

एकोऽहं निर्ममः शुद्धो ज्ञानी योगीन्द्रगोचरः ।
बाह्याः संयोगजा भावा मत्तः सर्वेऽपि सर्वथा ॥

નિર્મમ એક હું શુદ્ધ, જ્ઞાની યોગીન્દ્રગોચર;
સર્વે સંયોગી ભાવો તે, સ્વાત્માથી સર્વથા પર.

અન્વયાર્થ – [अहं] હું [एकः] એક, [निर्ममः] મમતારહિત, [शुद्धः] શુદ્ધ, [ज्ञानी] જ્ઞાની અને [योगीन्द्रगोचरः] યોગીન્દ્રો દ્વારા જાણવા યોગ્ય છું; [संयोगजाः] સંયોગજન્ય [सर्वे अपि भावाः] બધા જ (દેહરાગાદિ) ભાવો [मत्तः] મારાથી [सर्वथा] સર્વથા [बाह्याः] ભિન્ન છે.

અર્થ – હું એક, મમતારહિત, શુદ્ધ, જ્ઞાની છું; યોગીન્દ્રો દ્વારા જણાવા લાયક છું. જે દેહાદિ પદાર્થોના સંયોગ પ્રાપ્ત થયા છે તે સઘળા મારા સ્વરૂપથી સર્વથા બાહ્ય, ભિન્ન છે.

દુ:ખના કારણભૂત એવા દેહાદિ સંયોગના પરિત્યાગનો નિર્દેશ –

શ્લોક-૨૮

दु:खसन्दोहभागित्वं संयोगादिह देहिनाम् ।
त्यजाम्येनं ततः सर्वं मनोवाक्कायकर्मभिः ॥

દુ:ખના ડુંગરો વેદે, જીવો સંયોગ કારણે;
મન વાણી તનુ કર્મે, તજું સંયોગ સર્વને.

અન્વયાર્થ – [इह] આ સંસારમાં [संयोगात्] દેહાદિના સંબંધથી [देहिनां] પ્રાણીઓને [दु:ख सन्दोह भागित्वं] દુ:ખ-સમૂહ ભોગવવો પડે છે, [ततः] તેથી [येनं सर्वं] તે સમસ્ત(સંબંધ)ને [मनः वाक् काय कर्मभिः] મન-વચન-કાયની ક્રિયાથી [त्यजामि] હું તજું છું.

અર્થ – આ સંસારમાં દેહાદિ સંબંધે પ્રાણીઓને દુ:ખસમૂહ ભોગવવા પડે છે, અનંત ક્લેશ ભોગવવો પડે છે. માટે આ સમસ્ત સંબંધને કે જે મન, વચન, કાયાની ક્રિયાથી થયા કરે છે; તે સર્વને મનથી, વચનથી, કાયાથી છોડું છું.

કઈ ભાવનાથી જન્મ-મરણનાં દુઃખ દૂર થાય? –

શ્લોક-૨૯

न मे मृत्युः कुतो भीतिर्न मे व्याधिः कुतो व्यथा ।
नाहं बालो न वृद्धोऽहं न युवैतानि पुद्गले ॥

મને ના મૃત્યુ, ભીતિ શી? મને ના રોગ, શી વ્યથા?
ના હું તરુણ, ના વૃદ્ધ, બાળ ના, પુદ્ગલે બધાં.

અન્વયાર્થ – [मे मृत्युः न] મારું મરણ નથી તો [कुतः भीतिः] ડર કોનો? [मे व्याधिः न] મને વ્યાધિ નથી તો [व्यथा कुतः] પીડા કેવી? [अहं न बालः] હું બાળક નથી, [अहं न वृद्धः] હું વૃદ્ધ નથી, [अहं न युवा] હું યુવાન નથી. [एतानि] એ (સર્વ અવસ્થાઓ) [पुद्गले] પુદ્ગલની છે.

અર્થ – મારું મરણ છે નહીં તો પછી મને ભય શાનો? મને વ્યાધિ છે નહીં તો પછી મને પીડા શાની? હું બાળક નથી, હું વૃદ્ધ નથી, તેમ હું યુવાન પણ નથી. આ બધી દશાઓ પુદ્ગલમાં થાય છે.

ઉચ્છિષ્ટ ભોગોમાં જ્ઞાનીને શું સ્પૃહા હોય? –

શ્લોક-30

भुक्तोज्झिता मुहुर्मोहान्मया सर्वेऽपिपुद्गलाः ।
उच्छिष्टेष्विव तेष्वद्य मम विज्ञस्य का स्पृहा ॥

મોહથી ભોગવી છોડ્યાં, પુદ્ગલો સૌ ફરી ફરી;
હવે એ એઠમાં મારે, જ્ઞાનીને શી સ્પૃહા વળી?

અન્વયાર્થ – [मोहात्] મોહથી [सर्वे अपि] બધાય [पुद्गलाः] પુદ્ગલો [मुहुः] વારંવાર [मया भुक्तोज्झिताः] મેં ભોગવ્યાં અને છોડી દીધાં. [उच्छिष्टेषु इव तेषु] ઉચ્છિષ્ટ (એઠા) જેવા તે પદાર્થોમાં [अद्य] હવે [मम विज्ञस्य] મારા જેવા ભેદજ્ઞાનીને [का स्पृहा] શી સ્પૃહા (ચાહના) હોય?

અર્થ – મોહથી મેં બધાં જ પુદ્ગલોને વારંવાર ભોગવ્યાં અને છોડ્યાં. ભોગવી ભોગવીને સર્વને મેં છોડ્યાં છે તેથી તે એઠ જેવાં છે. ભેદજ્ઞાનના બળે જેનો મોહ દૂર થયો છે એવા મને એઠની તે વળી સ્પૃહા, ઇચ્છા, અભિલાષા કેવી? અર્થાત્ એ ભોગોની મને હવે ઇચ્છા નથી.

પૌદ્‌ગલિક કર્મોનો બંધ જીવ સાથે કેવી રીતે થાય છે? –

શ્લોક-૩૧ -

कर्म कर्महिताबन्धि जीवोजीवहितस्पृहः ।
स्व-स्वप्रभावभूयस्त्वे स्वार्थं को वा न वाञ्छति ॥

કર્મો કર્મહિત તાકે, જીવો ઈચ્છે સ્વશ્રેયને;
સ્વસ્વપ્રભાવયોગે સૌ, સાધે કોણ ન સ્વાર્થને?

અન્વયાર્થ – [कर्म कर्महिताबन्धि] કર્મ કર્મનું હિત ચાહે છે, [जीवः जीवहित स्पृहः] જીવ જીવનું હિત ચાહે છે. [स्व स्वप्रभाव भूयस्त्वे] પોતપોતાનો પ્રભાવ વધતાં [कः वा] કોણ [स्वार्थं] પોતાનો સ્વાર્થ [न वाञ्छति] ન ઈચ્છે?

અર્થ – કર્મ કર્મનું હિત ચાહે છે. જીવ જીવનું હિત ચાહે છે. એ પણ બરાબર છે કે પોતપોતાનો પ્રભાવ વધતાં કોણ પોતાના સ્વાર્થને ચાહતા નથી? અર્થાત્ સર્વ પોતાનો પ્રભાવ વધારતાં જ રહે છે.

પરોપકારી મટી સ્વોપકારી બન –

શ્લોક-૩૨

परोपकृतिमुत्सृज्य स्वोपकारपरो भव ।
उपकुर्वन्परस्याज्ञो दृश्यमानस्य लोकवत् ॥

દેહાદિ અન્યના અજ્ઞ, ઉપકારે શી વર્તના!
લોકવત્ સ્વાર્થ સાધી લે, ત્યાજ્ય અન્યોપકાર હા!

અન્વયાર્થ – [अज्ञः लोकवत्] તું લોક સમાન મૂઢ થઈ [दृश्यमानस्य परस्य] દેખવામાં આવતા (શરીરાદિ) પરપદાર્થનો [उपकुर्वन्] ઉપકાર કરે છે. (હવે) તું [परोपकृतिं] પરના ઉપકારની ઈચ્છા [उत्सृज्य] છોડી દઈ [स्व उपकार परः भव] પોતાના ઉપકારમાં તત્પર થા.

અર્થ – અન્યને ઉપકાર કરવાનું તજીને પોતાને ઉપકાર કરવામાં તત્પર બની જા. ઇન્દ્રિયો દ્વારા દેખાય છે તે શરીરાદિને ઉપકાર કરનાર તું અજ્ઞાની, વાસ્તવિક વસ્તુસ્થિતિને નહીં જાણનાર થઈ રહ્યો છે. આ જગતની માફક તું પણ તારું હિત થાય એ રીતે સ્વ-ઉપકાર કરવામાં લાગ, સ્વ-અર્થને સાધ.

સ્વ-પરના ભેદવિજ્ઞાનનો ઉપાય અને તેનું ફળ –

શ્લોક-33

गुरूपदेशादभ्यासात्संवित्तेः स्वपरान्तरम् ।
जानाति यः स जानाति मोक्षसौख्यं निरन्तरम् ॥

ગુરુબોધે, સ્વ-અભ્યાસે, સ્વાનુભૂતિથી જાણતા;
આત્મા ને અન્યનો ભેદ, તે મુક્તિસુખ માણતા.

અન્વયાર્થ – [यः] જે [गुरु उपदेशात्] ગુરુના ઉપદેશથી [अभ्यासात्] અભ્યાસ દ્વારા [संवित्तेः] સ્વસંવેદનથી [स्वपरान्तरम्] સ્વ-પરનો ભેદ [जानाति] જાણે છે, [सः] તે [निरन्तरम्] નિરંતર [मोक्षसौख्यं] મોક્ષનું સુખ [जानाति] અનુભવે છે.

અર્થ – ગુરુના ઉપદેશથી, દૃઢ અભ્યાસથી અને સ્વાનુભવરૂપ સ્વસંવેદન જ્ઞાનથી જે પોતાનો અને પરનો ભેદ - ભિન્નતા જાણે છે; તે મોક્ષનાં અનંત સુખને નિરંતર આસ્વાદે છે.

આત્મા જ આત્માનો ગુરુ છે. કેમ? –

શ્લોક-૩૪

स्वस्मिन्सदभिलाषित्वादभीष्टज्ञापकत्वतः ।
स्वयं हितप्रयोक्तृत्वादात्मैव गुरुरात्मनः ॥

સ્વયં સત્‌ની કરે ઇચ્છા, સ્વયં જ્ઞાપક શ્રેયનો;
સ્વયં સ્વશ્રેયમાં વર્તે, સ્વયમેવ ગુરુ સ્વનો.

અન્વયાર્થ – (આત્મા) [स्वयं] સ્વયં [स्वस्मिन्] પોતાનામાં [सत् अभिलाषित्वात्] સત્‌ની (કલ્યાણની અથવા મોક્ષસુખની) અભિલાષા કરતો હોવાથી, [अभीष्ट ज्ञापकत्वतः] અભીષ્ટને (પોતાના ઇચ્છેલા મોક્ષસુખના ઉપાયને) બતાવતો હોવાથી અને [हित प्रयोक्तृत्वात्] પોતાના હિતમાં (મોક્ષસુખના ઉપાયમાં) પોતાને યોજતો હોવાથી [आत्मा एव] આત્મા જ [आत्मनः] આત્માનો [गुरुः अस्ति] ગુરુ છે.

અર્થ – જે સત્‌રૂપ મોક્ષસુખની ઇચ્છા કરે છે, જે ઇચ્છિત હિતરૂપ મોક્ષસુખના ઉપાયો જણાવે છે અને જે તે મોક્ષસુખરૂપ હિતના પ્રવર્તક થાય છે તે ગુરુ કહેવાય છે. આત્મા પોતે જ સત્‌રૂપ મોક્ષની ઇચ્છા કરે છે, પોતે જ તે હિતપ્રાપ્તિના ઉપાયો જણાવે છે અને પોતે જ તે ઉપાયો વડે પોતાના હિતમાં, મોક્ષસુખપ્રાપ્તિના ઉપાયોમાં પ્રવર્તક બની પ્રવર્તે છે, તેથી આત્મા જ આત્માનો ગુરુ છે.

આત્મા - ગુરુ સિવાય અન્ય ગુરુ નિમિત્તમાત્ર છે -

શ્લોક-૩૫

नाज्ञो विज्ञत्वमायाति विज्ञो नाज्ञत्वमृच्छति ।
निमित्तमात्रमन्यस्तु गतेर्धर्मास्तिकायवत् ॥

પામે ના જ્ઞાનતા અજ્ઞ, જ્ઞાની ના અજ્ઞતા ગ્રહે;
નિમિત્તમાત્ર બીજા તો, ગતિમાં ધર્મવત્ બને.

અન્વયાર્થ – [अज्ञः] જે પુરુષ અજ્ઞાની છે [विज्ञत्वं न आयाति] વિજ્ઞ થઈ શકતો નથી અને [विज्ञः] જેઓ વિશેષ જ્ઞાની છે તેઓ [अज्ञत्वं न ऋच्छति] અજ્ઞાની થઈ શકતા નથી; જેમ (જીવ-પુદ્ગલની) [गतेः] ગતિમાં [धर्मास्तिकायवत् निमित्त मात्रम्] ધર્માસ્તિકાય નિમિત્તમાત્ર છે, તેમ [अन्यः तु] અન્ય (પદાર્થ) પણ નિમિત્તમાત્ર (ધર્માસ્તિકાયવત્) છે.

અર્થ – તત્ત્વજ્ઞાનની ઉત્પત્તિ માટે અયોગ્ય હોય તેને કોઈ તત્ત્વજ્ઞાનપ્રાપ્તિ કરાવી શકે નહીં. એ જ પ્રકારે તત્ત્વજ્ઞાની જીવ અજ્ઞાનીપણું પામી શકશે નહીં. જેમ જીવ-પુદ્ગલની ગતિમાં ધર્માસ્તિકાય નિમિત્તમાત્ર છે, તેમ આ વિષયમાં પણ અન્ય નિમિત્તમાત્ર છે. જ્ઞાની કે અજ્ઞાની બનવાની યોગ્યતા પોતાના આત્મામાં જ છે. ગુરુ આદિ તો નિમિત્તમાત્ર છે. તેઓ કોઈને જ્ઞાની કે અજ્ઞાની બનાવી શકતા નથી.

આત્મસ્વરૂપના અભ્યાસનો ઉપાય –

શ્લોક-૩૬

अभवच्चित्तविक्षेप एकान्ते तत्त्वसंस्थितः ।
अभ्यस्येदभियोगेन योगी तत्त्वं निजात्मनः ॥

શમાવી ચિત્તવિક્ષેપો, એકાંતે લીન આત્મમાં;
અભ્યાસે ઉદ્યમે યોગી, સહજાતમતત્ત્વતા.

અન્વયાર્થ – [अभवत् चित्तविक्षेपः] જેમના ચિત્તમાં વિક્ષેપ નથી તથા જેઓ [तत्त्व संस्थितः] તત્ત્વમાં સારી રીતે સ્થિત છે તેવા [योगी] યોગીએ [अभियोगेन] સાવધાનીપૂર્વક [एकान्ते] એકાંતમાં [निजात्मनः तत्त्वं] પોતાના આત્મતત્ત્વનો [अभ्यस्येत्] અભ્યાસ કરવો.

અર્થ – જેમના ચિત્તમાં રાગ-દ્વેષાદિ વિકાર પરિણતિરૂપ ક્ષોભ - વિક્ષેપ નથી, અર્થાત્ ક્ષોભરહિત શાંત જેમનું ચિત્ત છે તથા જેઓ આત્મસ્વરૂપમાં સુસ્થિત છે એવા યોગીએ સાવધાનીપૂર્વક, અર્થાત્ આળસ-નિદ્રાદિના પરિત્યાગપૂર્વક એકાંત સ્થાનમાં પોતાના સહજ આત્મસ્વરૂપનો અભ્યાસ કરવો જોઈએ.

યોગીને સંવિત્તિ-(સ્વાનુભૂતિ) છે તે જાણવાનો ઉપાય –

શ્લોક-૩૭

यथा यथा समायाति संवित्तौ तत्त्वमुत्तमम् ।
तथा तथा न रोचन्ते विषयाः सुलभा अपि ॥

અનુભૂતિ નિજાત્માની, જેમ જેમ પ્રકાશતી;
તેમ તેમ છતા ભોગે, સ્વયં રુચિ વિરામતી.

અન્વયાર્થ – [यथा यथा] જેમ જેમ [उत्तमं तत्त्वं] ઉત્તમ તત્ત્વ [संवित्तौ] અનુભવમાં [समायाति] આવે છે, [तथा तथा] તેમ તેમ [सुलभाः अपि विषयाः] સુલભ વિષયો પણ [न रोचन्ते] રુચતા નથી.

અર્થ – જેમ જેમ સંવિત્તિ(સ્વાત્માનુભૂતિ)માં ઉત્તમ આત્મતત્ત્વનો અનુભવ થાય છે, તેમ તેમ તે યોગીને સુગમતાથી, સહેલાઈથી પ્રાપ્ત વિષયો પણ ગમતા નથી.

વિષયો પ્રત્યેની અરુચિ, એ આત્મસંવિત્તિનું ચિહ્ન છે –

શ્લોક-૩૭

यथा यथा न रोचन्ते विषयाः सुलभा अपि ।
तथा तथा समायाति संवितौ तत्त्वमुत्तमम् ॥

જેમ જેમ છતા ભોગે, સ્વયં રુચિ વિરામતી;
તેમ તેમ અનુભૂતિ પરાત્માની થતી છતી.

અન્વયાર્થ – [यथा यथा] જેમ જેમ [सुलभाः अपि विषयाः] સુલભ ઇન્દ્રિયવિષયો પણ [न रोचन्ते] ગમતા નથી, [तथा तथा] તેમ તેમ [संवितौ] સ્વાત્મસંવેદનમાં [उत्तमम् तत्त्वम्] ઉત્તમ નિજાત્મતત્ત્વ [समायाति] આવતું જાય છે.

અર્થ – જેમ જેમ સહેજે પ્રાપ્ત થનાર ઇન્દ્રિયવિષયભોગ રુચિકર પ્રતીત થતા નથી, તેમ તેમ આત્મસંવેદનમાં નિજાત્માનુભવની પરિણતિ વર્ધમાન થતી જાય છે.

આત્મસંવિત્તિનાં અન્ય ચિહ્નો –

શ્લોક-૩૯

निशामयति निःशेषमिन्द्रजालोपमं जगत् ।
स्पृहयत्यात्मलाभाय गत्वान्यत्रानुतप्यते ॥

સમસ્ત વિશ્વને ભાળે, ઈન્દ્રજાળ સમું વૃથા;
આત્મલાભ સદા ઈચ્છે, પસ્તાયે પરમાં જતાં.

અન્વયાર્થ – (યોગી) [निःशेषम् जगत्] સમસ્ત જગતને [इन्द्रजालोपं] ઈન્દ્રજાળ સમાન [निशामयति] સમજે છે, [आत्मलाभाय] આત્મસ્વરૂપની પ્રાપ્તિ માટે [स्पृहयति] સ્પૃહા કરે છે અને [अन्यत्र गत्वा अनुतप्यते] અન્યત્ર લાગી જાય તો તેઓ પશ્ચાત્તાપ કરે છે.

અર્થ – આત્મજ્ઞાની પુરુષ સમસ્ત સંસારને ઈન્દ્રજાળ સમાન જાણે છે, આત્મસ્વરૂપની પ્રાપ્તિ માટે અભિલાષા રાખે છે અને જો કોઈ અન્ય વિષયમાં પ્રવૃત્તિ થઈ જાય તો તેનો તેઓ પશ્ચાત્તાપ કરે છે. અર્થાત્ આત્મભાવ સિવાયનાં અન્ય કાર્યો કદાચ કરવાં પડે તો તેનો પસ્તાવો કરે છે.

આત્મસંવિત્તિનાં અન્ય ચિહ્નો –

શ્લોક-૪૦

इच्छत्येकान्तसंवासं निर्जनं जनितादरः ।
निजकार्यवशात्किंचिदुक्त्वा विस्मरति द्रुतं ॥

ઈચ્છે એકાંતમાં વાસ, ચાહે નિર્જનતા સદા;
વદે કાર્યવશે કિંચિત્, તેય શીઘ્ર ભૂલી જતા.

અન્વયાર્થ – [निर्जनं जनितादरः] નિર્જનતા માટે જેમને આદર ઉત્પન્ન થયો છે તેવા યોગી [एकान्तसंवासं इच्छति] એકાંતવાસને ઈચ્છે છે અને [निजकार्यवशात्] નિજકાર્યવશ [किंचित् उक्त्वा] કંઈક બોલી ગયા હોય તો તેને [द्रुतं] જલદી [विस्मरति] ભૂલી જાય છે.

અર્થ – નિર્જનતાને ચાહનાર યોગી એકાંતવાસની ઈચ્છા કરે છે અને પોતાના કાર્યવશે કંઈ બોલે છે તોપણ જલદી તેને ભૂલી જાય છે.

આત્મતત્ત્વમાં સ્થિર થયેલા યોગીનું સ્વરૂપ –

શ્લોક-૪૧

ब्रुवन्नपि हि न ब्रूते गच्छन्नपि न गच्छति ।
स्थिरीकृतात्मतत्त्वस्तु पश्यन्नपि न पश्यति ॥

બોલે તોયે ન બોલે તે, ચાલે તોયે ન ચાલતા;
સ્થિરતા આત્મતત્ત્વે જો, દેખે તોયે ન દેખતા.

અન્વયાર્થ – [स्थिरी कृतात्म तत्त्वः] જેમણે આત્મતત્ત્વના વિષયમાં સ્થિરતા પ્રાપ્ત કરી છે તેઓ [तु ब्रुवन् अपि न ब्रूते] બોલતા હોવા છતાં બોલતા નથી, [गच्छन् अपि न गच्छति] ચાલતા હોવા છતાં ચાલતા નથી અને [पश्यन् अपि न पश्यति] દેખતા હોવા છતાં દેખતા નથી.

અર્થ – જેમણે આત્મસ્વરૂપમાં સ્થિરતા કરી છે એવા યોગી બોલતા હોવા છતાં બોલતા નથી, ચાલતા હોવા છતાં ચાલતા નથી અને દેખતા હોવા છતાં દેખતા નથી.

યોગીને સ્વદેહ પ્રત્યે પણ લક્ષ હોતું નથી –

શ્લોક-૪૨

किमिदं कीदृशं कस्य कस्मात्क्वेत्यविशेषयन् ।
स्वदेहमपि नावैति योगी योगपरायणः ॥

વિચારે ના શું આ કેવું? કોનું ક્યાંથી વળી કહીં?
યોગી તો યોગમાં લીન, દેહભાનેય જ્યાં નહીં.

અન્વયાર્થ – [योगपरायणः] યોગપરાયણ [योगी] યોગી, [किंम् इदं] આ શું છે? [कीदृशं] કેવું છે? [कस्य] કોનું છે? [कस्मात्] શાથી છે? [क्व] ક્યાં છે? [इति अविशेषयन्] ઇત્યાદિ ભેદરૂપ વિકલ્પો નહીં કરતા થકા [स्वदेहम् अपि] પોતાના શરીરને પણ [न अवैति] જાણતા નથી.

અર્થ – ધ્યાનમાં એકાગ્ર થયેલા યોગી - જ્ઞાની, આ અનુભવમાં આવે છે તે તત્ત્વ શું છે? કેવું છે? કોનું છે? કેમ છે? ક્યાં છે? ઇત્યાદિ વિકલ્પોથી રહિત હોય છે. આ દશામાં તેમને પોતાના શરીરનું ભાન પણ રહેતું નથી, તો શરીરથી ભિન્ન અન્ય પદાર્થોની તો વાત જ શું કરવી?

યોગીને આવી અવસ્થા કઈ રીતે સંભવે છે –

શ્લોક-૪૩

यो यत्र निवसन्नास्ते स तत्र कुरुते रतिं ।
यो यत्र रमते तस्मादन्यत्र स न गच्छति ॥

જેમાં જે વસી રહે છે, ત્યાં તે રતિ કરે અતિ;
જેમાં રમણતા જેની, ત્યાંથી અન્યત્ર ના ગતિ.

અન્વયાર્થ – [यः] જે [यत्र] જ્યાં [निवसन् आस्ते] નિવાસ કરે છે [सः] તે [तत्र] ત્યાં [रतिं कुरुते] રતિ કરે છે અને [यः] જે [यत्र] જ્યાં [रमते] રમે છે [सः] તે [तस्मात्] ત્યાંથી બીજે [न गच्छति] જતો નથી.

અર્થ – જે જ્યાં નિવાસ કરવા લાગી જાય છે, તે ત્યાં જ રમણ કરવા લાગી જાય છે અને જે જ્યાં લાગી જાય છે, તે ત્યાંથી બીજે જતા નથી.

સ્વાત્માનુભવમાં રતિ હોવાથી યોગીને અન્ય પ્રવૃત્તિમાં અભાવ –

શ્લોક-૪૪

अगच्छंस्तद्विशेषाणामनभिज्ञश्च जायते ।
अज्ञाततद्विशेषस्तु बध्यते न विमुच्यते ॥

અન્યત્ર ના ગતિ તેથી, અન્યને ના અનુભવે;
અનન્ય ઉપયોગી તે, અબંધ મુક્તિ ભોગવે.

અન્વયાર્થ – [अगच्छन्] અન્યત્ર પ્રવૃત્તિ નહીં કરતા યોગી [तत् विशेषाणाम्] તેના વિશેષોથી (અર્થાત્ દેહાદિના વિશેષોથી; સૌંદર્ય, અસૌંદર્યાદિ ધર્મોથી) [अनभिज्ञः च जायते] અજાણ રહે છે અને [अज्ञात् तत् विशेषः] (સૌંદર્ય-અસૌંદર્યાદિ) વિશેષોનો અજાણ હોવાથી [न बध्यते] તેઓ બંધાતા નથી, [तु विमुच्यते] પરંતુ વિમુક્ત થાય છે.

અર્થ – અધ્યાત્મ સિવાય બીજી જગ્યાએ પ્રવૃત્તિ ન કરનાર યોગી, જ્ઞાની મહાત્મા શરીરાદિની સુંદરતા-અસુંદરતા આદિ ધર્મોનો વિચાર કરતા નથી અને જ્યારે તેઓ તેના વિશેષોને જાણતા નથી ત્યારે તેઓ બંધને પામતા નથી, પરંતુ વિશેષરૂપે છૂટી જાય છે.

મહાત્માઓ શાને માટે ઉદ્યમી હોય છે? –

શ્લોક-૪૫

परः परस्ततो दुःखमात्मैवात्मा ततः सुखम् ।
अत एव महात्मानस्तन्निमित्तं कृतोद्यमाः ।।

અન્ય તે અન્ય ત્યાં દુઃખ, આત્મા આત્મા જ તે સુખી;
આત્માર્થે જ મહાત્માની, સાધના સર્વતોમુખી.

અન્વયાર્થ – [परः परः] પર તે પર છે, [ततः दुखं] તેનાથી દુઃખ થાય છે અને [आत्मा आत्मा एव] આત્મા તે આત્મા જ છે, [ततः सुखम्] તેનાથી સુખ થાય છે; [अतः एव] તેથી જ [महात्मानः] મહાત્માઓએ [तन्निमित्तं] તેના નિમિત્તે (સુખાર્થે) [कृतोद्यमाः] ઉદ્યમ કર્યો છે.

અર્થ – આત્માથી જુદાં શરીરાદિ અન્ય તે અન્ય જ છે, તેનાથી દુઃખ જ થાય છે અને આત્મા તે આત્મા જ છે, તેનાથી સુખ જ થાય છે. એટલા માટે જ મહાત્માઓએ આત્માની સાધના કરવા માટે જ સર્વ પ્રકારે પુરુષાર્થ કર્યો છે.

દેહાદિને અભિનંદવાનું ફળ –

શ્લોક-૪૬ ૧૦-૯-૦૨

अविद्वान्पुद्गलद्रव्यं योऽभिनन्दति तस्य तत् ।
न जातु जन्तोः सामीप्यं चतुर्गतिषु मुञ्चति ॥

અજ્ઞ જે પુદ્ગલ દ્રવ્યે, રાચે તે પુદ્ગલો પછી;
તેનો પીછો તજે નાંહીં, કદી ચતુર્ગતિ મહીં.

અન્વયાર્થ – [यः अविद्वान्] જે (હેય-ઉપાદેય તત્ત્વોને નહીં જાણનાર) અવિદ્વાન [पुद्गलद्रव्यं] પુદ્ગલદ્રવ્ય(શરીરાદિ)ને [अभिनन्दति] અભિનંદે છે - શ્રદ્ધે છે (અર્થાત્ તેને પોતાનું સ્વરૂપ માને છે), [तस्य जन्तोः] તે બિચારા જીવની સાથેના [सामीप्यं] સંયોગ સંબંધને [तत्] તે (પુદ્ગલ) [चतुर्गतिषु] નરકાદિ ચાર ગતિઓમાં [जातु न मुञ्चति] કદાચિત્ પણ છોડતું નથી.

અર્થ – ત્યાગવા યોગ્ય અને ગ્રહણ કરવા યોગ્ય તત્ત્વને જે જાણતો નથી એવો અજ્ઞાની - અવિદ્વાન પુદ્ગલદ્રવ્યને પોતાનું સ્વરૂપ માને છે, તેથી તેમાં તે રાચે છે; અને તેથી તે પુદ્ગલો ચારે ગતિમાં તેની સમીપ જ રહે છે. જીવના વિકારના કારણે જીવની સાથેનો પુદ્ગલસંબંધ ચાલુ રહે છે, અર્થાત્ જીવની મુક્તિ થતી નથી.

સ્વાત્મધ્યાનનું ફળ –

શ્લોક-૪૭

आत्मानुष्ठाननिष्ठस्य व्यवहारबहिः स्थितेः ।
जायते परमानन्दः कश्चिद्योगेन योगिनः ॥

ધ્યાનમાં મગ્નતા જ્યાં ત્યાં, બાહ્ય વ્યાપારશૂન્યતા;
ધ્યાનથી યોગી આસ્વાદે, સચ્ચિદાનંદ વ્યક્તતા.

અન્વયાર્થ – [आत्मानुष्ठान निष्ठस्य] આત્મસ્વરૂપમાં સ્થિત થયેલા [व्यवहारबहिः स्थितेः] તથા વ્યવહારથી દૂર રહેલા [योगिनः] યોગીને [योगेन] યોગથી - આત્મધ્યાનથી [कश्चित् परमानन्दः] કોઈ અનિર્વચનીય પરમ આનંદ [जायते] ઉત્પન્ન થાય છે.

અર્થ – દેહાદિ પુદ્‌ગલોને પર જાણી તેનાથી દૂર રહેનાર અને આત્મામાં જ મગ્ન જ્ઞાની વ્યવહારથી દૂર રહી આત્મધ્યાનરૂપ યોગથી એવો કોઈ અદ્‌ભુત આત્માનંદ પામે છે કે જે વાણીથી કહી શકાય તેમ નથી.

આત્માનંદનું કાર્ય –

શ્લોક-૪૮

आनन्दो निर्दहत्युद्धं कर्मेन्धनमनारतम् ।
न चासौ खिद्यते योगी बहिर्दुःखेष्वचेतनः ॥

કર્મરાશિ દહે નિત્ય, તે આનંદ હુતાશન;
ખેદ ના પામતા યોગી, બાહ્ય દુઃખે અચેતન.

અન્વયાર્થ – [सः आनन्दः] તે આનંદ (આત્મામાં ઉત્પન્ન થયેલો આનંદ) [उद्धं कर्म इन्धनम्] પ્રચુર કર્મરૂપી ઈંધનને [अनारतम्] નિરંતર [निर्दहति] જલાવી દે છે અને [असौ योगी च] તે (આનંદમગ્ન) યોગી [बहिः दुःखेषु] બહારનાં દુઃખોમાં [अचेतनः] અચેતન રહેવાથી [न खिद्यते] ખેદ પામતા નથી.

અર્થ – જેમ અગ્નિ ઈંધનને બાળીને ભસ્મ કરે છે, તેવી રીતે આત્મામાં ઉત્પન્ન થયેલ પરમાનંદ હંમેશાંથી ચાલ્યાં આવતાં ઘણાં કર્મને અર્થાત્ કર્મની સંતતિને બાળી દે છે અને આનંદ સહિત યોગી બાહ્ય દુઃખોના, પરિષહ-ઉપસર્ગ સંબંધી ક્લેશોના અનુભવથી રહિત હોવાથી અર્થાત્ બહારનાં દુઃખોથી અજ્ઞાન હોવાથી ખેદ કે સંક્લેશને પામતા નથી.

આત્મજ્યોતિ માટે મુમુક્ષુએ શું કરવું? –

શ્લોક-૪૯

अविद्याभिदुरं ज्योतिः परं ज्ञानमयं महत् ।
तत्प्रष्टव्यं तदेष्टव्यं तद्द्रष्टव्यं मुमुक्षुभिः ॥

અવિદ્યા ભેદતી જ્યોતિ, પરં જ્ઞાનમયી મહા;
મુમુક્ષુ માત્ર એ પૂછે, ઈચ્છે, અનુભવે સદા.

અન્વયાર્થ – [अविद्याभिदुरं] અવિદ્યાને દૂર કરવાવાળી [महत् परं] મહાન ઉત્કૃષ્ટ [ज्ञानमयं ज्योतिः] જ્ઞાનમય જ્યોતિ છે; [मुमुक्षुभिः] મુમુક્ષુઓએ [तत् प्रष्टव्यं] તેના વિષયમાં પૂછવું જોઈએ, [तत् एष्टव्यं] તેની વાંછા કરવી જોઈએ અને [तत् द्रष्टव्यम्] તેનો અનુભવ કરવો જોઈએ.

અર્થ – અજ્ઞાનને નાશ કરવાવાળી મહાન ઉત્કૃષ્ટ જ્ઞાનમયી જ્યોતિ છે. જેમને એક મોક્ષની જ ઈચ્છા છે, અર્થાત્ સંસાર કારાગૃહ સમાન પ્રતિક્ષણે જેમને ભાસી રહ્યો છે અને તેથી તેનાથી છૂટવાની જેમને તીવ્ર ઈચ્છા છે તે મુમુક્ષુઓએ તો એ જ જ્યોતિ સંબંધી પ્રશ્ન કરવો, તેની જ ઈચ્છા કરવી અને તેને જ અનુભવમાં આણવા, તેને જ જોવા તત્પર થવું જોઈએ.

જીવ-પુદ્‌ગલનું ભેદજ્ઞાન તે જ તત્ત્વસંગ્રહ છે, બાકી બધો તેનો વિસ્તાર છે. –

શ્લોક-૫૦

जीवोऽन्यः पुद्‌गलश्चान्य इत्यसौ तत्त्वसंग्रहः ।
यदन्यदुच्यते किंचित्सोऽस्तु तस्यैव विस्तरः ॥

આત્મા ને પુદ્‌ગલો જુદાં, માત્ર આ સાર તત્ત્વનો;
અન્ય જે કાંઈ શાસ્ત્રોક્ત, આનો વિસ્તાર તે ગણો.

અન્વયાર્થ – [जीवः अन्यः] જીવ ભિન્ન છે [पुद्‌गल च अन्यः] અને પુદ્‌ગલ ભિન્ન છે; [इति असौ तत्त्वसंग्रहः] આટલો જ તત્ત્વકથનનો સાર છે. [यत् अन्यत् किंचित् उच्यते] (એના સિવાય) બીજું જે કંઈ કહેવાય છે, [स तस्य एव विस्तरः अस्तु] તે એનો જ વિસ્તાર છે.

અર્થ – જીવ જુદો છે અને પુદ્‌ગલો જુદાં છે. આટલો જ તત્ત્વનો સાર છે. આમાં સર્વ પરમાર્થ સમાય છે. આ સિવાય જે કંઈ કહેવાય છે તે સર્વ આનો જ વિસ્તાર છે.

શાસ્ત્ર-અધ્યયનનું સાક્ષાત્ અને પરંપરા ફળ –

શ્લોક-૫૧

इष्टोपदेशमिति सम्यगधीत्य धीमान्,
मानापमानसमतां स्वमताद् वितन्य ।
मुक्ताग्रहो विनिवसन्सजने वने वा,
मुक्तिश्रियं निरुपमामुपयाति भव्यः ॥

ઈષ્ટોપદેશ મતિમાન ભણી યથાર્થ,
માનાપમાન સમતાથી સહે કૃતાર્થ;
નિરાગ્રહી વન વિષે, જનમાં વસે વા,
પામે અનુપ શિવસંપદ ભવ્ય તેવા.

અન્વયાર્થ – [इति] એવી રીતે [इष्टोपदेशं सम्यक् अधीत्य] 'ઈષ્ટોપદેશ'નો સારી રીતે અભ્યાસ કરીને [धीमान् भव्यः] બુદ્ધિશાળી ભવ્ય [स्वमतात्] પોતાના આત્મજ્ઞાનથી [मान अपमान समतां] માન-અપમાનમાં સમતા [वितन्य] વિસ્તારી, [मुक्ताग्रहः] આગ્રહ છોડી, [सजने वने वा] નગરમાં કે વનમાં [विनिवसन्] નિવાસ કરતો થકો [निरुपमां मुक्तिश्रियम्] ઉપમારહિત મુક્તિરૂપી લક્ષ્મીને [उपयाति] પ્રાપ્ત કરે છે.

અર્થ – આ પ્રકારે 'ઈષ્ટોપદેશ'ને સારી રીતે ભણીને, મનન કરીને, હિત-અહિતની પરીક્ષામાં પ્રવીણ, એવા ભવ્ય જીવો પોતાના આત્મજ્ઞાનથી માન-અપમાનમાં સમતા રાખીને, સર્વ આગ્રહ તજી દઈને, નગર અથવા વનમાં વિધિપૂર્વક રહે છે અને એ રીતે તેઓ નિરુપમ, ઉપમારહિત મુક્તિરૂપી લક્ષ્મીને - મોક્ષસુખને પામે છે.

इष्टोपदेश

यस्य स्वयं स्वभावाप्तिरभावे कृत्स्नकर्मण: ।
तस्मै संज्ञानरूपाय नमोऽस्तु परमात्मने ॥१॥

योग्योपादानयोगेन दृषद: स्वर्णता मता ।
द्रव्यादिस्वादिसंपत्तावात्मनोऽप्यात्मता मता ॥२॥

वरं व्रतै: पदं दैवं नाव्रतैर्बत नारकम् ।
छायातपस्थयोर्भेद: प्रतिपालयतोर्महान् ॥३॥

यत्र भाव: शिवं दत्ते द्यौ: कियद्दूरवर्तिनी ।
यो नयत्याशु गव्यूतिं क्रोशार्धे किं स सीदति ॥४॥

हृषीकजमनातङ्कं दीर्घकालोपलालितम् ।
नाके नाकौकसां सौख्यं नाके नाकौकसामिव ॥५॥

वासनामात्रमेवैतत्सुखं दु:खं च देहिनाम् ।
तथा ह्युद्वेजयन्त्येते भोगा रोगा इवापदि ॥६॥

मोहेन संवृतं ज्ञानं स्वभावं लभते न हि ।
मत्त: पुमान् पदार्थानां यथा मदनकोद्रवै: ॥७॥

वपुर्गृहं धनं दारा: पुत्रा मित्राणि शत्रव: ।
सर्वथान्यस्वभावानि मूढ: स्वानि प्रपद्यते ॥८॥

दिग्देशेभ्य: खगा एत्य संवसन्ति नगे नगे ।
स्वस्वकार्यवशाद्यान्ति देशे दिक्षु प्रगे प्रगे ॥९॥

विराधक: कथं हंत्रे जनाय परिकुप्यति ।
त्र्यङ्गुलंपातयन् पद्भ्यां स्वयं दण्डेन पात्यते ॥१०॥

रागद्वेषद्वयी दीर्घनेत्राकर्षणकर्मणा ।
अज्ञानात्सुचिरं जीव: संसाराब्धौ भ्रमत्यसौ ॥११॥

विपद्भवपदावर्ते पदिकेवातिबाह्यते ।
यावत्तावद्भवन्त्यन्याः प्रचुरा विपदः पुरः ॥१२॥

दुरर्ज्येनासुरक्ष्येण नश्वरेण धनादिना ।
स्वस्थंमन्यो जनः कोऽपि ज्वरवानिव सर्पिषा ॥१३॥

विपत्तिमात्मनो मूढः परेषामिव नेक्षते ।
दह्यमानमृगाकीर्णवनान्तरतरुस्थवत् ॥१४॥

आयुर्वृद्धिक्षयोत्कर्षहेतुं कालस्य निर्गमम् ।
वाञ्छतां धनिनामिष्टं जीवितात्सुतरां धनम् ॥१५॥

त्यागाय श्रेयसे वित्तमवित्तः संचिनोति यः ।
स्वशरीरं स पङ्केन स्नास्यामीति विलिम्पति ॥१६॥

आरम्भे तापकान्प्राप्तावतृप्तिप्रतिपादकान् ।
अन्ते सुदुस्त्यजान् कामान् कामं कः सेवते सुधीः ॥१७॥

भवन्ति प्राप्य यत्सङ्गमशुचीनि शुचीन्यपि ।
स कायः संततापायस्तदर्थं प्रार्थना वृथा ॥१८॥

यज्जीवस्योपकाराय तद्देहस्यापकारकम् ।
यद्देहस्योपकाराय तज्जीवस्यापकारकम् ॥१९॥

इतश्चिन्तामणिर्दिव्य इतः पिण्याकखण्डकम् ।
ध्यानेन चेदुभे लभ्ये क्वाद्रियन्तां विवेकिनः ॥२०॥

स्वसंवेदनसुव्यक्तस्तनुमात्रो निरत्ययः ।
अत्यन्तसौख्यवानात्मा लोकालोकविलोकनः ॥२१॥

संयम्य करणग्राममेकाग्रत्वेन चेतसः ।
आत्मानमात्मवान् ध्यायेदात्मनैवात्मनि स्थितम् ॥२२॥

अज्ञानोपास्तिरज्ञानं ज्ञानं ज्ञानिसमाश्रयः ।
ददाति यत्तु यस्यास्ति सुप्रसिद्धमिदं वचः ॥२३॥

परीषहाद्यविज्ञानादास्त्रवस्य निरोधिनी ।
जायतेऽध्यात्मयोगेन कर्मणामाशु निर्जरा ॥२४॥

कटस्य कर्त्ताहमिति सम्बन्धः स्याद् द्वयोर्द्वयोः ।
ध्यानं ध्येयं यदात्मैव सम्बन्धः कीदृशस्तदा ॥२५॥

बध्यते मुच्यते जीवः सममो निर्ममः क्रमात् ।
तस्मात्सर्वप्रयत्नेन निर्ममत्वं विचिन्तयेत् ॥२६॥

एकोऽहं निर्ममः शुद्धो ज्ञानी योगीन्द्रगोचरः ।
बाह्याः संयोगजा भावा मत्तः सर्वेऽपि सर्वथा ॥२७॥

दुःखसन्दोहभागित्वं संयोगादिह देहिनाम् ।
त्यजाम्येनं ततः सर्वं मनोवाक्कायकर्मभिः ॥२८॥

न मे मृत्युः कुतो भीतिर्न मे व्याधिः कुतो व्यथा ।
नाहं बालो न वृद्धोऽहं न युवैतानि पुद्गले ॥२९॥

भुक्तोज्झिता मुहुर्मोहान्मया सर्वेऽपिपुद्गलाः ।
उच्छिष्टेष्विव तेष्वद्य मम विज्ञस्य का स्पृहा ॥३०॥

कर्म कर्महिताबन्धि जीवोजीवहितस्पृहः ।
स्व-स्वप्रभावभूयस्त्वे स्वार्थं को वा न वाञ्छति ॥३१॥

परोपकृतिमुत्सृज्य स्वोपकारपरो भव ।
उपकुर्वन्परस्याज्ञो दृश्यमानस्य लोकवत् ॥३२॥

गुरूपदेशादभ्यासात्संवित्तेः स्वपरान्तरम् ।
जानाति यः स जानाति मोक्षसौख्यं निरन्तरम् ॥३३॥

स्वस्मिन्सदभिलाषित्वादभीष्टज्ञापकत्वतः ।
स्वयं हितप्रयोक्तृत्वादात्मैव गुरुरात्मनः ॥३४॥

नाज्ञो विज्ञत्वमायाति विज्ञो नाज्ञत्वमृच्छति ।
निमित्तमात्रमन्यस्तु गतेर्धर्मास्तिकायवत् ॥३५॥

अभवच्चित्तविक्षेप एकान्ते तत्त्वसंस्थितः ।
अभ्यस्येदभियोगेन योगी तत्त्वं निजात्मनः ॥३६॥

यथा यथा समायाति संवित्तौ तत्त्वमुत्तमम् ।
तथा तथा न रोचन्ते विषयाः सुलभा अपि ॥३७॥

यथा यथा न रोचन्ते विषयाः सुलभा अपि ।
तथा तथा समायाति संवितौ तत्त्वमुत्तमम् ॥३८॥

निशामयति निःशेषमिन्द्रजालोपमं जगत् ।
स्पृहयत्यात्मलाभाय गत्वान्यत्रानुतप्यते ॥३९॥

इच्छत्येकान्तसंवासं निर्जनं जनितादरः ।
निजकार्यवशात्किंचिदुक्त्वा विस्मरति द्रुतं ॥४०॥

ब्रुवन्नपि हि न ब्रूते गच्छन्नपि न गच्छति ।
स्थिरीकृतात्मतत्त्वस्तु पश्यन्नपि न पश्यति ॥४१॥

किमिदं कीदृशं कस्य कस्मात्क्वेत्यविशेषयन् ।
स्वदेहमपि नावैति योगी योगपरायणः ॥४२॥

यो यत्र निवसन्नास्ते स तत्र कुरुते रतिं ।
यो यत्र रमते तस्मादन्यत्र स न गच्छति ॥४३॥

अगच्छंस्तद्विशेषाणामनभिज्ञश्च जायते ।
अज्ञाततद्विशेषस्तु बध्यते न विमुच्यते ॥४४॥

परः परस्ततो दुःखमात्मैवात्मा ततः सुखम् ।
अत एव महात्मानस्तन्निमित्तं कृतोद्यमाः ॥४५॥

अविद्वान्पुद्गलद्रव्यं योऽभिनन्दति तस्य तत् ।
न जातु जन्तोः सामीप्यं चतुर्गतिषु मुञ्चति ॥४६॥

आत्मानुष्ठाननिष्ठस्य व्यवहारबहिः स्थितेः ।
जायते परमानन्दः कश्चिद्योगेन योगिनः ॥४७॥

आनन्दो निर्दहत्युद्धं कर्मेन्धनमनारतम् ।
न चासौ खिद्यते योगी बहिर्दुःखेष्वचेतनः ॥४८॥

अविद्याभिदुरं ज्योतिः परं ज्ञानमयं महत् ।
तत्प्रष्टव्यं तदेष्टव्यं तद्द्रष्टव्यं मुमुक्षुभिः ॥४९॥

जीवोऽन्यः पुद्गलश्चान्य इत्यसौ तत्त्वसंग्रहः ।
यदन्यदुच्यते किंचित्सोऽस्तु तस्यैव विस्तरः ॥५०॥

इष्टोपदेशमिति सम्यगधीत्य धीमान्,
मानापमानसमतां स्वमताद् वितन्य ।
मुक्താग्रहो विनिवसन्सजने वने वा,
मुक्तिश्रियं निरुपमामुपयाति भव्यः ॥५१॥

* * *

ઇષ્ટોપદેશ

સર્વ કર્મ અભાવે જે, સ્વયં પામ્યા સ્વભાવને;
કેવલજ્ઞાનરૂપી તે, નમું સત્ પરમાત્મને. ૧

સ્વર્ણપાષાણ સુહેતુયોગે, સોનું બની રહે;
સુદ્રવ્યાદિ તણા યોગે, આત્મા શુદ્ધાત્મતા લહે. ૨

વ્રતો આપે સુખો સ્વર્ગે, અવ્રતો નરકે દુઃખો;
છાંયે તાપે, રહ્યા બેનો, ભેદ મોટો અહો! લખો. ૩

આત્મભાવ યદિ મોક્ષ, આપે સ્વર્ગે વિસાત ના;
ક્રોશ બે જે લઈ જાયે, ક્રોશાર્ધે થાય મ્હાત ના. ૪

સ્વર્ગમાં અમરોને જે, સુખો ઇન્દ્રિયજન્ય એ;
નિરામયી ચિરસ્થાયી, દેવોને ભોગ્ય યોગ્ય એ. ૫

જીવોની વાસનામાત્ર, એ ઇન્દ્રિય સુખો દુઃખો;
ભોગ તે રોગવત્ પીડા, આપે આપત્તિમાં જુઓ. ૬

મોહાચ્છાદિત જો જ્ઞાન, જાણે તે ન સ્વભાવને;
મેણો ચઢચે ખૂવે પ્રાજ્ઞો, શુદ્ધિ, બુદ્ધિ-પ્રભાવને. ૭

દેહગેહાદિ સ્ત્રીપુત્રો, શત્રુમિત્રો, ધનાદિ તો;
સ્વભાવે સર્વથા ન્યારાં, મૂઢ માને સ્વકીય જો. ૮

ભિન્ન દેશ દિશામાંથી, પક્ષી આવી તરુ વસે;
પ્રભાતે સૌ સ્વકાર્યાર્થે, ઊડી જાયે દિશે દિશે. ૯

વિરાધે અન્યને તું તો, અન્ય તે તુજને હણે;
કરે છે ક્રોધ ત્યાં શાને? વાવે તેવું જગે લણે. ૧૦

અજ્ઞાને રાગ ને દ્વેષ, નેતરાં કષ્ટ નોતરે;
ખેંચાતાં દંડવત્ જીવો, ભવાબ્ધિમાં ભમ્યા કરે. ૧૧

વિપત્તિ એક જ્યાં જાયે, આવે તેવી બીજી ઘણી;
સંસારે પ્રાણીને એવી, ઘટમાળ વિપત્તિની. ૧૨

કમાતાં રક્ષતાં કષ્ટ, ધનાદિ નાશવંતને;
સુખી તેથી ગણે તો શું, સુખ ઘીથી જ્વરાર્તને? ૧૩

વિપત્તિ અન્યની જોતાં, પોતાની ન વિચારતો;
વને જ્યાં સૌ બળે પ્રાણી, મૂર્ખ વૃક્ષે રહ્યો છતો. ૧૪

આયુ-ભોગે વધે લક્ષ્મી, ધનિકો તોય તે ચહી;
ધનાર્થે આયુ ગાળી દે, પ્રાણથી ઈષ્ટ શ્રી તહીં. ૧૫

દાન કે પુણ્યના નામે, નિર્ધનો ધન સંગ્રહે;
તો તે 'સ્નાને થશું શુદ્ધ', ચહી પંકે વૃથા પડે. ૧૬

પમાયે કષ્ટથી ભોગો, પામ્યે તૃપ્તિ ન આપતા;
ત્યાગતાં દુઃખ દે અંતે, તેમાં સુજ્ઞો શું રાચતા? ૧૭

જેના સંગે શુચિ એવા, પદાર્થો અશુચિ બને;
તે દુઃખમૂર્તિ દેહાર્થે, ભોગની ચાહ શું તને? ૧૮

આત્માને શ્રેયકારી જે, દેહને અપકારી તે;
કિંતુ દેહોપકારી જે, આત્માને અપકારી તે. ૧૯

દિવ્ય ચિંતામણિ એક, કાચનો કટકો બીજો;
મળે જો ધ્યાનથી બન્ને, વિવેકી ઈચ્છશે કયો? ૨૦

સ્પષ્ટ સ્વાનુભવે વ્યક્ત, અક્ષયી દેહવ્યાપક;
આનંદધામ આ આત્મા, લોકાલોકપ્રકાશક. ૨૧

ચિત્ત-એકાગ્રતા સાધી, રોકી ઇન્દ્રિયગ્રામને;
આત્માથી સંયમી ધ્યાવે, આત્મામાં સ્થિત આત્મને. ૨૨

જ્ઞાનીના આશ્રયે જ્ઞાન, અજ્ઞથી અજ્ઞતા મળે;
'હોય જેની કને જે તે, આપે' લોકોક્તિ એ ફળે. ૨૩

પરિષહો જણાયે ના, મગ્ન અધ્યાત્મમાં થતાં;
આસ્રવો રોકતી થાયે, કર્મની શીઘ્ર નિર્જરા. ૨૪

કર્તા હું સાદડીનો ત્યાં, છે સંબંધ જુદો કહ્યો;
ધ્યાન-ધ્યેય સ્વયં આત્મા, ત્યાં સંબંધ કયો રહ્યો? ૨૫

મમતાથી જીવને બંધ, મુક્તિ નિર્મમતા થકી;
માટે સર્વ પ્રયત્ને એ, ધ્યાવો નિર્મમતા નકી. ૨૬

નિર્મમ એક હું શુદ્ધ, જ્ઞાની યોગીન્દ્રગોચર;
સર્વે સંયોગી ભાવો તે, સ્વાત્માથી સર્વથા પર. ૨૭

દુ:ખના ડુંગરો વેદે, જીવો સંયોગ કારણે;
મન વાણી તનુ કર્મે, તજું સંયોગ સર્વને. ૨૮

મને ના મૃત્યુ, ભીતિ શી? મને ના રોગ, શી વ્યથા?
ના હું તરુણ, ના વૃદ્ધ, બાળ ના, પુદ્‌ગલે બધાં. ૨૯

મોહથી ભોગવી છોડ્યાં, પુદ્‌ગલો સૌ ફરી ફરી;
હવે એ એઠમાં મારે, જ્ઞાનીને શી સ્પૃહા વળી? ૩૦

કર્મો કર્મહિત તાકે, જીવો ઇચ્છે સ્વશ્રેયને;
સ્વસ્વપ્રભાવયોગે સૌ, સાધે કોણ ન સ્વાર્થને? ૩૧

દેહાદિ અન્યના અજ્ઞ, ઉપકારે શી વર્તના!
લોકવત્ સ્વાર્થ સાધી લે, ત્યાજ્ય અન્યોપકાર હા! ૩૨

ગુરુબોધે, સ્વ-અભ્યાસે, સ્વાનુભૂતિથી જાણતા;
આત્મા ને અન્યનો ભેદ, તે મુક્તિસુખ માણતા. ૩૩

સ્વયં સત્‌ની કરે ઇચ્છા, સ્વયં જ્ઞાપક શ્રેયનો;
સ્વયં સ્વશ્રેયમાં વર્તે, સ્વયમેવ ગુરુ સ્વનો. ૩૪

પામે ના જ્ઞાનતા અજ્ઞ, જ્ઞાની ના અજ્ઞતા ગ્રહે;
નિમિત્તમાત્ર બીજા તો, ગતિમાં ધર્મવત્ બને. ૩૫

શમાવી ચિત્તવિક્ષેપો, એકાંતે લીન આત્મમાં;
અભ્યાસે ઉદ્યમે યોગી, સહજાતમતત્ત્વતા. ૩૬

અનુભૂતિ નિજાત્માની, જેમ જેમ પ્રકાશતી;
તેમ તેમ છતા ભોગે, સ્વયં રુચિ વિરામતી. ૩૭

જેમ જેમ છતા ભોગે, સ્વયં રુચિ વિરામતી;
તેમ તેમ અનુભૂતિ પરાત્માની થતી છતી. ૩૮

સમસ્ત વિશ્વને ભાળે, ઇન્દ્રજાળ સમું વૃથા;
આત્મલાભ સદા ઇચ્છે, પસ્તાયે પરમાં જતાં. ૩૯

ઇચ્છે એકાંતમાં વાસ, ચાહે નિર્જનતા સદા;
વદે કાર્યવશે કિંચિત્, તેય શીઘ્ર ભૂલી જતા. ૪૦

બોલે તોયે ન બોલે તે, ચાલે તોયે ન ચાલતા;
સ્થિરતા આત્મતત્ત્વે જો, દેખે તોયે ન દેખતા. ૪૧

વિચારે ના શું આ કેવું? કોનું ક્યાંથી વળી કહીં?
યોગી તો યોગમાં લીન, દેહભાનેય જ્યાં નહીં. ૪૨

જેમાં જે વસી રહે છે, ત્યાં તે રતિ કરે અતિ;
જેમાં રમણતા જેની, ત્યાંથી અન્યત્ર ના ગતિ. ૪૩

અન્યત્ર ના ગતિ તેથી, અન્યને ના અનુભવે;
અનન્ય ઉપયોગી તે, અબંધ મુક્તિ ભોગવે. ૪૪

અન્ય તે અન્ય ત્યાં દુઃખ, આત્મા આત્મા જ તે સુખી;
આત્માર્થે જ મહાત્માની, સાધના સર્વતોમુખી. ૪૫

અજ્ઞ જે પુદ્‌ગલ દ્રવ્યે, રાચે તે પુદ્‌ગલો પછી;
તેનો પીછો તજે નાંહીં, કદી ચતુર્ગતિ મહીં. ૪૬

ધ્યાનમાં મગ્નતા જ્યાં ત્યાં, બાહ્ય વ્યાપારશૂન્યતા;
ધ્યાનથી યોગી આસ્વાદે, સચ્ચિદાનંદ વ્યક્તતા. ૪૭

કર્મરાશિ દહે નિત્ય, તે આનંદ હુતાશન;
ખેદ ના પામતા યોગી, બાહ્ય દુઃખે અચેતન. ૪૮

અવિદ્યા ભેદતી જ્યોતિ, પરં જ્ઞાનમયી મહા;
મુમુક્ષુ માત્ર એ પૂછે, ઇચ્છે, અનુભવે સદા. ૪૯

આત્મા ને પુદ્‌ગલો જુદાં, માત્ર આ સાર તત્ત્વનો;
અન્ય જે કાંઈ શાસ્ત્રોક્ત, આનો વિસ્તાર તે ગણો. ૫૦

ઇષ્ટોપદેશ મતિમાન ભણી યથાર્થ,
માનાપમાન સમતાથી સહે કૃતાર્થ;
નિરાગ્રહી વન વિષે, જનમાં વસે વા,
પામે અનુપ શિવસંપદ ભવ્ય તેવા. ૫૧

* * *

Happy Sermons

(Mr. Jaibhagawan Jain)

Obeisance

1. I bow to the all knowing Lord,
By total extinction of all flaws,
Who shone forth into purest glow,
And paved for all, salvation path. 1

God and Self

2. God is self and self is God,
Both are one like ore and gold,
The difference lies in their modes,
The pure is one, the other impure. 2

As ore transforms into gold,
When released from foreign things,
So self does evolve into God,
When released from matter's strings. 3

Self is gripped by foreign matter,
When tinged with egotistic trends,
And gets relieved from its meshes,
When filled with vision of cosmic rhythm. 4

To fill the self with cosmic rhythm,
It needs a change of inner heart,
Such as to shine coal in jewel,
It needs a change in atomic form. 5

With broader outlook of the life,
Greater and greater grows the soul,

When all is compassed by the self,
It one and one becomes with God. 6

Path of Peace and Piety

3. It becomes a traveller in the summer,
When treading towards the sweet home,
To follow a safe straightened path,
Covered by cool shade of groves. 7

Similar in the walks of life,
Moving towards the goal of truth,
It behaves a man to firmly stick,
To path of peace and good conduct. 8

The path of peace is double good,
It comforts here and onwards,
Through lovely vistas of heavens,
Leads to the goal of eternal bliss. 9

While the unruly ways of life,
Denying equal rights to all,
Are ever a menace to this life,
And onwards lead to hellish broil. 10

4. It does not matter for a man,
To carry weight to half a mile,
Who's fit, strong and ever used,
To carry weight to many miles. 11

So far a path of peace and good,
Which leads to goal of eternal bliss,
It is not hard to reach a heaven,
A half way house on the trip. 12

5. Heaven, place of songful plays,
Free from worldy foes and fears,
Is not the abiding goal of life,
But halting place in march of life. 13

Philosophy of Pain and Pleasure

6. Pleasures, pains of earthly beings,
Are mere Self's imagery things,
They exist no-where but in mind,
Engendered by fantastic whims. 14

No outer things are good or bad,
They so become by likes dislikes,
A food for one is not for all,
It is a well-known fact of life. 15

So all the mates of worldly play,
Which look delightful and so gay,
Become how hideous, out of tune,
When one is filled with grief and gloom. 16

Ignorance, the Cause of all Ills

7. Being all engrossed in ignorance,
Like drunkards under cover of drugs,
Wordly being have lost their sense,
Of looking things in true colours. 17

8. It is all due to ignorance,
That things all distinct and aloof,
Like spouse, children, body, wealth,
Are all viewed as parts of self. 18

9. If seen with clear crystal vision,
Free from whims of likes, dislikes,
No more related to us they are,
Than forest trees are to birds. 19

They flying come from distant lands,
Settle on trees for the night,
And take to wings for quarters new,
When morning comes with feast of light. 20

10. As digger lowers the spade from high,
The digger too is lowered by spade,
Who lowers others by aggression,
Is surely lowered by the same. 21

This law of action and reaction,
Though patent in the realm of life,
But strange it is they fly in passion,
When paid are in their own coin. 22

11. For false whims of likes, dislikes,
Born of the egotistic trends,
Self is dipped from eternal time,
In deep waters of births and deaths. 23

Worldly Life Is a Chain of Pains

12. The worldly life is set on frame,
Ever on move like waterwheel,
Full of turns of ills and pains,
With little rest from cares and needs. 24

Wealth is no remedy for worldly ills

13. Wealth hard to earn, and retain,
Unstable most, and most unsafe,
One is never safe and sound with it,
As fever patient with use of ghee. 25

14. A rich man like the common folk,
Infested though with diverse woes,
Yet being filled with self conceit,
He thinks himself immortal being. 26

Like fools taking perch on tree,
In the midst of forest fire,
He does not look to roaring flames,
Engulfing him like other beings. 27

15. With passage of the fleeting time,
Near and near man draws to end,
But how strong is the lust of pelf,
He looks to wealth and not to end. 28

16. A poor man wanting heaps of wealth,
To give them off in public alms,
Is like a fool who puts on mud,
To wash it off with holy bath. 29

17. The lustful pleasures of the world,
No sure hand-maids of the wealth,
They while departing leave behind,
Grief and sorrow for the mind. 30

18. Nor body is the end of life,
It is too frail and short in time,

One need not for its sustenance,
Use vile means to heap up wealth. 31

Made of bones and loathsome flesh,
Offensive filth and nasty germs,
It is too hideous and impure,
To turn sacred with wealthy hoard. 32

19. What doth add to vigour of flesh,
Doth verily sap the vigour of soul,
And what doth add to wealth of soul,
Doth verily end the needs of flesh. 33

As wealth increases greeds of flesh,
It verily saps the life of self,
Of what use is the gain of wealth,
Which makes you lose divine self. 34

Concentrated thought is the only remedy

20. Every thing can be had in life,
By force of concentrated thought,
Both the precious and the worthless,
Philosopher's gem, or piece of stone. 35

It is to be settled by the wise,
Which of the two is worth attempt,
The divine self of eternal bliss,
Or mortal life of filth and ills. 36

Self is the only Thing Worth Realisation

21. The self enframed by body though,
Is embodiment of the perfect light,

Shining all, beyond and near,
Visible, pure and crystal, clear. 37

Excellent bliss, the sublime peace,
Free from time, unbound by space,
Infinite, nearest, beyond the beyond,
Undying, eternal, ever living. 38

The final truth, the perfect whole,
The end of ends, the goal of goals,
The aim, the light and the way,
It is the thing to get realised. 39

Path of Self Realisation

22. To know, realise the boundless soul,
Let outward senses be controlled,
Give urges their an inner trend,
To seek within the joyful ends. 40

Achieve all this with firm resolve,
Of mind kept in a balanced poise,
Then drawing yourself within the self,
Meditate on self in steady pose. 41

23. The senses and their objects are,
Made of dull, rash, callous matter,
Whoever follows their foot prints,
Is sure to fall in painful pits. 42

But if the voice of enlightened self,
Is heard, grasped and put to work,
One makes a gain of spiritual power,
And enjoys the fruits of peace and joy. 43

Whatever is inherent in a seed,
Is sure to grow up in the field,
So ignorance gropes in darker zones,
And light leads to cherished home. 44

Superiority of a Devotee

24\. A devotee of enlightened self,
Conquers all the pains of flesh,
He lets not in the vicious trends,
And uproots what are seated deep. 45

25\. When subject object are distinct,
Separation surely severs their link,
It does not touch devotee's lot,
He is both the seeker and the sought. 46

While one who clings to earthly things,
And claims the same as his own,
He mourns and groans with sorrow's pangs,
Deserted when he is left alone. 47

The Unreality of Worldly Life

26\. Self is self and matter is matter,
The twain can never meet in one,
Their union rests on ego's whims,
Baseless, flinsy and unreal. 48

When one is free from ego's whims,
Free he is from matter too,
So one should make his best efforts,
To free himself from ego's rule. 49

The Path of Victory

27. In all hours of day and night,
Sitting, walking or sleeping,
To conquer the evil of egotism,
Think, meditate and ever feel. 50

"Bereft of all the physical ties,
I am one, alone, and free,
Untinged by passions and emotions,
Peace and purity reign in me." 51

"A seer, a master seer of things,
I stand above, aloof from seen,
Unbound by egotistic whims,
I compass all of them in peace." 52

"All the things of the outer world,
Inherited and acquired by us,
Are wholly separate and others,
There is no love lost between us." 53

The Unholy Union

28. Union of self with physical things,
Is perennial source of pains and ills,
With all thy force of thought, word, deed,
Give up thy greed for outer things. 54

The Divinity of Self

29. To arise above the earthly woes,
Should never lose the sight of soul,
O! feel and feel the warm delight,
In divine dignity of the soul. 55

I am not the death, nor disease,
Neither young, adult, nor old,
All these things belong to flesh,
Nothing is there to fear and mourn. 56

I am, I was; shall ever be,
This is the basic truth of life,
In all the quests of the charmful bliss,
I am the architect of plights. 57

"Powerful with my aspirations,
Resourceful with imaginations,
Blissful with glorious hopes,
I tread my way through thick and thin." 58

Futility of Worldly Quest

30. "Enchanted by the charms of dust,
Again and again I turned to it,
Filled, refilled in all its forms,
Put all its poses and its tints." 59

"Moved up and down in varied ways,
In various climes, in various places,
Lived in heaven, hellish zones,
But none gave the cherished goal." 60

"Ages have past and eras rolled,
Still no rest from outer quests,
Now let me turn to inner self,
For tried old things, no use of quest." 61

The Struggle of Life

31. The great struggle of worldly life,
Against pain, wants and ignorance,
Is struggle against the physical bonds,
Forged by foolish whims of self. 62

Self and matter both are real,
But differ in roles of cosmic plan,
The one is subject, object other,
To cast in forms the inner dreams. 63

The self is whole of space and time,
Of charms, of beauty, joy and light,
While matter is dark, dull, decaying,
Ever on move for new combines. 64

Though highest charming truth is self,
But self through his ignorance,
Entangled in the outer meshes,
Confuses matter with his self. 65

Thus there sets a servant's rule,
Matter assumes the master's role,
But self being the motive force,
It ever asserts the will of soul. 66

As both belong to distinct realms,
They ever differ in their trends,
The self is astir for the whole,
The matter tends to dingy cells. 67

Life is thus an eternal struggle,
To evolve freedom from the bonds,

Life from death, the light from dark,
Purge from vice, peace from woes. 68

Appeal to Self

32. O Self! awake, how long will thou,
Serve dictates of alien rule,
And feel proud with names and forms,
Like a fool who works as tool. 69

Delay not throw the foreign yoke,
And busy thyself with own welfare,
Rule thyself with thy own self,
For self rule is the best for self. 70

Master's Role in Spiritual Culture

33. The eternal bliss reveals on him,
Who discerns self from motley heap,
To equip thee with discerning sense,
Practise to sit at master's feet. 71

Master is great beacon light,
Showing the various paths of life,
But helping only those ship-wrecked,
Who themselves feel inclined to right. 72

Self is his Own Guide

34. Self alone has urge for truth,
Animated with his lovely visions,
And makes quests in diverse fields,
Propelled by his own missions. 73

35. As ether in the realm of matter,
Helps only those prone to move,

So all the teachers and scriptures,
Only help right-minded souls. 74

They neither bestow any wisdom,
On perverse, niggards, and fools,
Nor they extract any knowledge,
From the high enlightened souls. 75

Self alone is foe and friend,
He has all the keys of betterment,
So one should look to one's own self,
For all his failures and success. 76

The Essential Requisites of a devotee

36. Who has a calm and content mind,
Who loves to live a lonely life,
Is eager most for lasting truth,
Is devotee best of life divine. 77

Life Features of a Yogi

37. The more he reveals the truth of life,
The higher he soars from lustful world,
38. The higher he soars from lustful world,
The more he reveals the truth of life. 78

39. Enriched with his spiritual sight,
He looks on world as game of tricks,
He ever yearns for glorious self,
And feels annoyed with earthly things. 79

40. He loves to live in lonely place,
Away from mart, away from fame,

Speaks some times for personal need,
Yet soon forgets of what he speaks. 80

41. He is fast fixed within his self,
Talking though, he does not talk,
Looking though, he does not look,
Walking though he does not walk. 81

42. In ecstasy, self centered he,
The world of senses does not heed,
Self alone in cosmic rhythm,
Shines to him as holy film. 82

Yogi Enjoys a free Life

43. Where settles one with love and ease,
There he yearns to live in peace,
And where one gets his heart's content,
He makes that place as permanent. 83

44. So devotee is often lost in self,
Charmed with inner bliss and glow,
He shuns the false, and loves the truth,
He lives within, discards the show. 84

He is ever filled with self content,
His mind does not roam abroad,
His senses too get drawn within,
He is not aware of other things. 85

When no sensations come within,
Desires cease to drag abroad,
Mind filled with charms divine,
He gets free from worldly bonds. 86

Self Culture is the best Culture

45. Alien, after all an alien,
Is ever a source of ills and pains,
Self, being after all one's self,
Is ever a source of joy and gain. 87

Sages are ever on their guard,
Not to yield to alien matter,
They rather use its energies,
To get relief of physical needs. 88

46. The fools who ever take delight,
In claiming matter as their self,
Are ever, dragged as prisoners war,
Through endless gates of births and deaths. 89

47. The ascetics with a content mind,
Take their boats off noisy coast,
And anchoring them in peaceful self,
Are filled with an immortal joy. 90

48. The fruits of actions piled within,
In forms of varied trends, instincts,
From long, long immemorial times,
Drive the self to sins and crimes. 91

But ascetics of the serene mind,
Are not touched by the instincts piled,
They turn them into heap of ashes,
By flash of concentrated light. 92

Summum Bonum of Life

49. The glorious lustre, free from bonds,
With perfect beauty, peace and joy,
Permeating all, compassing all,
Forms the essence of divine soul. 93

This is the thing to be seen and asked,
This is the thing to be ever yearned,
There is nothing greater, more sublime,
This is the highest truth of life. 94

Brief Story of Truth

50. Self is self, and matter is matter,
The twain can never meet in one,
Their visible union is unreal,
A work of foolish whims of self. 95

Egotism is the greatest devil,
Which robs divinity of the self,
Confines its vast glorious heights,
Into dark nasty physical cells. 96

To curb the sin of egotism,
Life should be made to ever grow,
From low to high from dark to light,
From self-conceit to love of all. 97

This is in brief the story of truth,
Conveyed to us by sages of yore,
So let us take this truth to heart,
And make our lives free and vast. 98

Blessings

51. Living at home, or in woods,
Who pays his heed to these sermons,
And with the help of knowledge gained,
Under all events keeps the same. 99

Mindless of honour and disgrace,
Follows the path of love and grace,
Is sure one day to attain the goal,
Of perfect and beauteous soul. 100

* * *